Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૫ • તા. ૦૭ નવેમ્બર ૨૦૧૬ થી ૧૩ નવેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી : ૪૦માં સ્નેહમિલન સમારોહ પ્રસંગની તસ્વીરો















# પ્રેમના પરિમલમૂર્તિ પૂજ્ય માવિત્રને આદરાંજલી



અ.સૌ. તારાબેન નવીનચંદ્ર છેડા

જન્મ: તા. ૧૧.૧૧.૧૯૪૩

અરિહંત શરણ: તા. ૧૨.૦૮.૨૦૦૮



સ્વ. નવીનચંદ્ર કલ્યાણજી છેડા

જન્મ: તા. ૦૯.૦૪.૧૯૩૯

અરિહંત શરણ: તા. ૧૧.૧૧.૨૦૧૧

હેતભર્યા હાથ અને હૈયાની હુંફ સાંભરે, શ્રધ્ધા-સંકલ્પ અને શ્રમની શીખ સાંભરે
વાત્સલ્યભીના આપના વેણ મીઠાં સાંભરે, અનંત ઉપકારો આપના પળેપળ સાંભરે
આપની વ્યવહાર કુશળતા અને વાત્સલ્યતા અમારા બની રહ્યા છે પથદર્શક
આપનો હતો પ્રેમ પારાવાર... યાદ આવો છો વારંવાર... આંખેથી વહે છે અશ્રુધાર...
આપના પુનીત આત્મા પ્રતિ નત્મસ્તકે આદર વંદના.

# ભાવભીની સ્નેહાંજલી



સૌ. વર્ષા જયેશ છેડા

જન્મ: તા. ૨૩.૧૧.૧૯૬૭

અરિહંત શરણ: તા. ૩૦.૦૩.૨૦૧૫

ગુજરે હુએ કલ કી યાદ આતી હૈ કુછ લમ્હો સે આંખે ભર જાતી હૈ
વો સુબહ, વો શામ આંસુઓમેં ડુબ જાતી હૈ
જબ આપકે સાથ બીતી જીંદગી યાદ આતી હૈ

આપનો સાત્વિક આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ સુખ પામે એજ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના

લિ. આપનો સહૃદયી પરિવાર

જયેશ નવિનચંદ્ર છેડા　　જય જયેશ છેડા　　ચાર્વિ વિજય છેડા

ગામ : વારાપધર　　હાલ : ભાંડુપ

Designed by Pratik Harish Bheda - 9768542887

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 09324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા



**અંક નં. 45/2016**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**

29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ



ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


## માનવીય મર્યાદા અને વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને આગેવાનો ગજા પ્રમાણેની જવાબદારી જ સ્વીકારે તો એ મોટી જ્ઞાતિ સેવા ગણાશે.

તાજેતરમાં સમસ્ત મહાજન તેમજ મુંબઈ મહાજનના કેટલાક અધિકારીઓ તેમજ અનંતનાથજી ટ્રસ્ટના કેટલાક ટ્રસ્ટીઓએ અન્ય ટ્રસ્ટ અને સંસ્થાઓમાં જવાબદારીભર્યા હોદાઓ સ્વીકાર્યા છે તેથી તેઓ એકાધિક ટ્રસ્ટ કે સંસ્થાઓમાં પોતાની સેવાઓ બાબતે કેટલો ન્યાય આપી શકશે તે વિષે શંકા-કુશંકાઓ સેવાય તે સ્વાભાવિક છે.

હાલમાં આ બાબત વિચારણા આવશ્યક માનવાનું ખાસ કારણ એ છે કે સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડે વર્ષ ૨૦૧૭ના ડિસેમ્બરમાં સંમેલન યોજવાનું નક્કી કર્યું છે. તેથી સંમેલનને સાર્થક બનાવવા આવતા વર્ષે સમસ્ત મહાજનના પદાધિકારીઓએ માથું ઊંચકવાની ફુરસદ ન હોય એટલું કામ કરવાનું રહેશે. એ વાત તરફ દુર્લક્ષ કરીને સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલે અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘમાં મોટી જવાબદારી સ્વીકારી છે.

હવે સવાલ એ છે કે તેઓ આ બન્ને જવાબદારીને ન્યાય આપી શકશે ખરા ? શક્ય છે કે તેમણે વિચાર્યું હશે કે અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘ તો ધાર્મિક સંસ્થા છે તેમાં તે વળી શું કામ હોય ? તેઓ કદાચ ભુલી ગયા લાગે છે કે દીર્ઘ દષ્ટા અને કુશળ વહીવટકાર જ્ઞાતિ આગેવાન શ્રી નારાયણજી શામજીએ માત્ર ધાર્મિક બાબતો માટે નહીં ગચ્છના શ્રાવક-શ્રાવિકાઓની શૈક્ષણિક, વૈદકીય અને આવાસ સંબંધી સમસ્યાઓ પણ હલ કરવા આ સંસ્થાની સ્થાપના કરી હતી.

તે વખતે પણ અન્ય આગેવાનો તેને મર્યાદિત હેતુવાળું ધાર્મિક સંગઠન બનાવવા ઈચ્છતા હતા પણ કચ્છી દશા ઓસવાળ આગેવાનોએ તે વ્યાપક હેતુવાળું સંગઠન બને એ માટે વૈચારિક લડત આપી હતી. જો કે હવે તેમાં સક્રિય દશા ઓસવાળ આગેવાનો પણ તેને ધાર્મિક સંગઠન ગણાવી સસ્તી સુખડી ને સિધ્ધપુરની જાત્રા વાળી કહેવત સાચી પાડે છે.

બીજી મહત્વની વાત એ છે કે સેક્રેટરી જનરલને આમ પણ જ્ઞાતિના મુખ્ય કાર્યક્રમોમાં આમંત્રણ હોય જ છે અને હવે તો અચલગચ્છના ઉપપ્રમુખ તરીકે વીસા ઓસવાળ જેમની સંખ્યા વધુ હોઈ ધાર્મિક કાર્યક્રમ પણ વધુ હોય છે. તેમને ત્યાંના ય આમંત્રણ મળશે... એટલે તેઓ સંમેલનને સાર્થક બનાવવા માટે કેટલો સમય ફાળવી શકશે તે વિચારવાલાયક વાત છે.

પ્રથમ દષ્ટિએ તો કોઈ પણ સમજદાર એવું તારણ કાઢવા પ્રેરાશે કે તેમને મન પણ સંમેલન એટલે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો એકઠા થાય તે વાતનું મહત્ત્વ છે બાકી ત્યાંની કાર્યવાહી ગુણવત્તાભરી હોય તે બાબત તેઓ ઉદાસીન છે. જે હોય તે આ બાબતનું મહત્વ ધ્યાનમાં રાખીને વધુ વિચારણા આવશ્યક છે.

સમાજ જીવનને વહેતું રાખવા તથા તેને સમૃધ્ધ બનાવવા દરેક સક્ષમ વ્યક્તિએ પોતાના ગજા પ્રમાણેની જવાબદારી સ્વીકારવી જોઈએ એ વાત જેટલી મહત્વની છે તેટલી જ મહત્વની વાત છે સમાજજીવનની જવાબદારી સાથે જોડાયેલા પદની લાલચમાં કોઈ પોતાના ગજાથી વધુ જવાબદારી ન સ્વીકારે.

કોઈ આગેવાન પદની લાલચે ગજા ઉપરાંતની જવાબદારી સ્વીકારી લે એમાં દેખીતી રીતે સમાજનું તો ઘણું નુકસાન થવાનું જ થવાનું, તે વ્યક્તિને ભાગે પણ તેણે જે કાંઈ કામ કર્યું હશે તે ગુણવત્તા સભર, સામાજિક આવશ્યકતા અનુસાર તથા સમાજને સંતોષ આપનાર ન હોવાથી પોતે સમાજ માટે આટ-આટલું કર્યું પણ સમાજને તેની કદર નથી એવા રોદણા રડવાનો જ વારો આવવાનો.

આજ સંદર્ભમાં બદલાયેલા સંજોગોની વાત કરીએ તો સંયુક્ત કુટુંબના જમાનામાં સમાજસેવા કરવા ઈચ્છનાર વ્યક્તિના સંયુક્ત કુટુંબે તેની કૌટુંબિક - વ્યવસાયિક - સામાજિક જવાબદારી લઈ લીધી હોય અને જે તે આગેવાને નિશ્ચિત થઈને સમાજસેવા કરી હોય એવા ઘણા

દાખલા જોવા મળતા. તેવી જ રીતે સરખા વિચારવાળા મિત્રોમાંથી એક મિત્ર સમાજસેવા કરે અને બીજા મિત્રે તેને ધંધામાં સ્લીપીંગ પાર્ટનર બનાવી તેની સાંસરિક જવાબદારી ઉપાડી લીધી હોય એવા દાખલા પણ આજાદીની ચળવળના તથા તે પછીના કાળમાં મળતા.

આજે સંજોગો બદલાયા છે, સમાજસેવા કરનાર વ્યક્તિએ જાતે જ આર્થિક બાબતોનું પણ ધ્યાન રાખવાનું હોય છે. જો તે સમાજસેવા માટે વધુ સમય ફાળવે તો વ્યવસાયિક નુકસાન વેઠવું પડે અને સમાજસેવા માટે પૂરતો સમય ન ફાળવી શકાય તો મળેલ સામાજિક પદને જ નહીં સમાજના વર્તમાન એન ભવિષ્ય બન્નેને અન્યાય કર્યો ગણાય.

જ્યાં સુધી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિનો સવાલ છે, વીસમી સદીના આઠમા દાયકાના મધ્ય સુધી સક્ષમ અને સંનિષ્ઠ કાર્યકર્તાઓ જવાબદારી સ્વીકારતા પણ તેને અનુરૂપ પદ મળે જ મળે એવી ખેવના નહોતા રાખતા.

એ પછી પોતે એક જવાબદારી સ્વીકારવા માટે સક્ષમ છે તો બીજી જવાબદારી તો તેની આડપેદાશ રૂપે સચવાઈ જશે એવું અધ્ધરતાલ વલણ બળવત્તર બનતું ગયું છે. જેને કારણે મુંબઈ મહાજનમાં જરા જેટલા સફળ – અર્ધ સફળ આગેવાન તરત જ પોતાને અનંતનાથજી ટ્રસ્ટ અને સમસ્ત મહાજનના મોટા પદ માટે અધિકારી માનતા થયા છે.

તેવું જ કાંઈક અચલગચ્છ જૈન સંઘ માટે છે. અચલગચ્છ જૈન સંઘ મૂળે અચલગચ્છીય જૈન પરંપરામાં માનનારાઓના માત્ર ધાર્મિક જ નહીં શૈક્ષણિક – તબીબી – આવાસીય એમ સર્વીંગીણ વિકાસને વરેલી સંસ્થા છે. આજે તેના ઘણા આગેવાનો અચલગચ્છ જૈન સંઘમાં જઈને મહારાજોની કૃપા દૃષ્ટિ મેળવી, ધાર્મિક આયોજનોની શોભા વધારવા સિવાય કોઈ જવાબદારી ન હોય એવું વલણ અપનાવવા લાગ્યા છે તેને કારણે સંઘની ગરિમા ઝંખવાઈ છે.

મુંબઈ મહાજન હોય, સમસ્ત મહાજન હોય કે અચલગચ્છ જૈન સંઘ હોય તેના આગેવાનોને ધાર્મિક સામાજિક કાર્યક્રમોમાં શોભામાં અભિવૃદ્ધિ કરવાના આમંત્રણ એટલા મોટા પ્રમાણમાં આવે છે કે એ પદ લઈ વિવિધ સમારંભમાં શોભામાં અભિવૃદ્ધિ કરી હાર ફેંટા પહેરનારાને ખ્યાલ પણ ન આવે કે આ મૂળ વાત નથી, તેમની મૂળ જવાબદારી તો બીજી છે. સમસ્ત મહાજન તેના પ્રારંભથી જ આડે ફંટાયું તેમાં આ વાત જ કારણભૂત હતી.

અનંતનાથજી ટ્રસ્ટ આમ ભલે ધાર્મિક ટ્રસ્ટ હોય પણ તેના ટ્રસ્ટીઓએ મિલકતો સાચવવાની અને હવે તો વિકસાવવાની ખરી જવાબદારી નિભાવવાની છે. તેના ટ્રસ્ટીઓ અમારી મુખ્ય જવાબદારી તો ધાર્મિક છે એમ માની થોડી ઘણી જવાબદારી નીભાવીને બાકી માનસન્માન મેળવવા પર વધુ ધ્યાન આપે તો તેમના અનુગામીઓ માટે સમસ્યાઓનો ઢગલો થવાનો જેથી તે અનુગામીઓ તથા સમુદાય બન્નેને અન્યાય થવાનો.

આખી વાતનું તાત્પર્ય એ કે આજના સંજોગોમાં સૌ ગજા પ્રમાણેની તથા પોતાની અન્ય વ્યસ્તતાઓનો ખ્યાલ રાખીને જ જવાબદારી સ્વીકારે તો સંબંધિત પદ તથા સમુદાયને પણ અન્યાય ન થાય તેમજ હું તો ઘણી સમાજસેવા કરું છું પણ સમાજને મારી કદર નથી એવા રોદણા રડવાનો વખત પણ ન આવે.

આશા રાખીએ કે, લીમડા જેવી કડવી પણ ગુણકારી વાત પર આગેવાનો... સમાજના નહીં તો કંઈ નહીં તો પોતાના ભલા માટે તો વિચાર કરશે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti ના નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ

દ્વારા આયોજિત

## મેડીક્લેમ પોલિસી જાગૃતિ

OUR MISSION IS... YOUR HEALTH
WE CARE
Sheth Shri Narshi Natha Medical Trust

KDO
અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

રોજના જનજીવનમાં મેડીક્લેમ પોલિસી આજે બહુજ મહત્વનો ભાગ છે.
આજના દોડધામ વાળા જીવનમાં મેડિક્લેમ પોલિસી સંજીવનીનું કામ કરે છે.

**પણ કઇ પોલિસી કઢાવવી ?**

મેડીક્લેમ પોલિસી તો કઢાવી લીધી **પણ આગળ શું ?**

અવા અનેક સવાલો આપણા મનમાં હશે...

**ક્લેમ કેવી રીતે કરવું ? ક્યાં કરવું ?**

એવા અનેક સવાલોના સમાધાન માટે...
**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ** દ્વારા એક પરિસંવાદનો આયોજન
જ્ઞાતિજનો માટે **'મેડીક્લેમ પોલિસી જાગૃતિ'** રાખવામાં આવેલ છે.
જેમાં આપણા વિવિધ સવાલોના સમાધાન માટે...



■ માર્ગદર્શન પ્રમુખ વકતા ■

**શ્રી બિપીનભાઇ પાશ્વીર નાગડા** અને
**શ્રી સંદેશ મિશ્રા**



દ્વારા કરવામાં આવશે. માટે આજે જ આ ચર્ચાસત્રમાં ભાગ
લેવા આપના નામ મહાજનના મુંબઇ અને ભાંડુપના કાર્યાલયમાં નોંધાવશો.

**કાર્યક્રમ સ્થળ**

**શેઠશ્રી નરશી નાથા બેન્ક્વેટ હોલ (એ.સી.)**
અનંત સિધ્ધી, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ – ૪૦૦ ૦૭૮.
રવિવાર, તા. ૧૩.૧૧.૨૦૧૬ના બપોરે ૨:૩૦ કલાકે...

## કચ્છ એકમ દ્વારા ગાંધીધામ માં સમૂહલગ્ન નું આયોજન

આગામી તા.૨૮ / ૨૯-૦૧-૨૦૧૭ રવિવાર ના ગાંધીધામ મધ્યે જ્ઞાતી ના સમૂહલગ્ન નું આયોજન કરવામાં આવેલ છે જેમાં અત્યાર સુધી ૩ યુગલો જોડાયેલ છે.હજુ પણ આ સમુહલગ્ન માં જોડાવવા ઈચ્છુક યુગલોના વડીલોએ તા. ૩૦-૧૧-૨૦૧૬ સુધી એકમ ના કારોબારી કમીટી ના કોઈ પણ સભ્યશ્રી નો સંપર્ક કરવા વિનંતી.

**આ આયોજન દાનવીર દાતાશ્રીઓ ના સહકાર થી જ સફળ થશે આપનો અમુલ્ય સહકાર આવકાર્ય છે.**

*** મુખ્ય આધારસ્થંભ દાતાશ્રી = ૨૫૧૦૦૦/-** *** સહાયક દાતાશ્રી = ૧૫૧૦૦૦/-**

*** લાખેણા દાતાશ્રી = ૧૦૧૦૦૦/-** *** શુભેચ્છક દાતાશ્રી = ૫૧૦૦૦/-**

અમારી આ નમ્ર અપીલ ને રૂબરૂ વિનંતી સ્વરૂપ સ્વીકારી જ્ઞાતી સેવા ના આ કાર્ય માં ઉદાર હાથે આપનું અનુદાન નોધાવી અમોને પ્રોસ્તાહિત તો કરસો એની અમોને ખાતરી છે.સાથે નવદંપતીઓ ને આશીર્વાદ આપવા આપનો અમુલ્ય સમય ફાળવી પધારવા હાર્દિક આમંત્રણ છે. આપની હાજરી અમારા માટે ઉત્સાહ પ્રેરક બની રહેશે.

લી. શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન કચ્છ એકમ

પ્રમુખ = મહેશ લાલકા (9825287555) માનદ મંત્રી = લહેરચંદ ખોના (9825138103)

---

### શ્રી ક. દ. ઓ. જૈન કચ્છ એકમ, ગાંધીધામ-કચ્છ, ટ્રસ્ટ નોંધાણી નં : ઈ-૫૯૯-કચ્છ ( વર્ષ ૨૦૧૫-૨૦૧૬) નો અહેવાલ

પાકું સરવૈયું તા : ૩૧.૦૩.૨૦૧૬

| ફંડ-જવાબદારીઓ | રકમ | મિલકત | રકમ |
|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૩૯૧૨૮૯૪-૦૦ | સ્થાવર મિલકત | ૨૫૭૭૧૩૮-૦૦ |
| કાયમી અંકિત ફંડો | ૪૮૦૭૦૨-૦૦ | જંગમ મિલકત | ૩૮૦૬૯૭-૦૦ |
| અનાજ વિતરણ ચાલુ ખાતું | ૪૧૪૨૫-૦૦ | રોકાણો | ૨૯૫૦૧૦૦-૦૦ |
| એકમ ભવન નિભાવ ડીપોઝીટ | ૩૯૧૭૨૨-૦૦ | ડીપોઝીટ | ૨૭૫૦-૦૦ |
| અન્ય ડીપોઝીટ | ૪૩૦૦૦-૦૦ | આર્થિક લોન | ૨૯૫૦૦-૦૦ |
| ખર્ચ ચુકવાણું બાકી | ૫૦૭૭-૦૦ | ટીડીએસ | ૩૦૨૦-૦૦ |
| આવક-જાવક ખાતું | ૧૩૫૯૪૬૨-૪૮ | રોકડ તથા બેંક બેલેન્સ | ૨૯૧૦૭૭-૪૮ |
| કુલ્લ | ૬૨૩૪૨૮૨-૪૮ | | ૬૨૩૪૨૮૨-૪૮ |

આવક-જાવક ખાતું તા : ૩૧.૦૩.૨૦૧૬

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| અતિથિગૃહ ભાડા આવક | ૭૯૧૩૩૬-૩૯ | વહીવટી ખર્ચ | ૮૪૯૪૨-૩૬ |
| વ્યાજ આવક | ૨૭૧૩૦૭-૦૦ | મરામત અને નિભાવ | ૫૧૫૩૭-૦૦ |
| ડીવીડન્ડ | ૧૨-૦૦ | નગર પાલિકા વેરો | ૫૮૩૪૯-૦૦ |
| દાન આવક | ૩૮૫૦-૦૦ | વીમા પ્રીમીયમ | ૬૧૮૦-૦૦ |
| પરચુરણ આવક | ૩૬૬૦-૦૦ | ઓડીટ ફી | ૩૦૦૦-૦૦ |
| | | ચેરીટી ફાળો | ૧૨૬૩૮-૦૦ |
| | | તબીબી સહાય | ૭૮૮૨૦-૦૦ |
| | | કેળવણી સહાય | ૯૨૩૪૨-૦૦ |
| | | અતિથિગૃહ ખર્ચ | ૪૦૩૧૯૪-૦૦ |
| | | | ૭૯૧૦૦૨-૩૬ |
| | | ચાલુ વર્ષનો વધારો | ૨૭૯૧૬૩-૦૩ |
| કુલ્લ | ૧૦૭૦૧૬૫-૩૯ | કુલ્લ | ૧૦૭૦૧૬૫-૩૯ |

SD/

| મહેશ લાલકા | લહેરચંદ ખોના | નીરંજન લોડાયા |
|---|---|---|
| પ્રમુખ | માનદ મંત્રી | ખજાનચી |

તપાસ્યું અને બરાબર માલુમ પડયું
વતી હિમાંશુ કાંતિલાલ ની કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,
હિમાંશુ કાંતિલાલ શાહ, પ્રોપ્રાઈટર,
ફર્મ રજીસ્ટ્રેશન નં: ૧૩૪૦૩૪ ડબલ્યુ,સભ્યપદ નં : ૧૪૭૫૭૪

## આપણું મૃત્યુ સ્વજનોને કેટલો મોટો આઘાત આપશે તે પર ધ્યાન આપી જબાબદારી પૂર્વક જીવવાનું શરૂ કરીએ

મૃત્યુ નિશ્ચિત છે અને જીવન અનિશ્ચિત છે એ બધાને જ ખબર છે. પ્રત્યેક ક્ષણે આ પૃથ્વી પર સેંકડો લોકો મૃત્યુ પામે છે અને જન્મ પણ લે છે. જન્મ અને મૃત્યુ કુદરતનો નિયમ છે. રોજ અકસ્માત, આપઘાત, આતંકવાદી હુમલા, રોગચાળા અને આના જેવાં હજારો કારણોને કારણે મૃત્યુ પામતા સેંકડો લોકો વિશેના સમાચાર આપણે વાંચતા હોઈએ છીએ. પાટા ક્રોસ કરતાં, ટ્રેનમાંથી પડીપે કે ટ્રેનની સામે આવીને મૃત્યુને ઘાટ ઊતરનારા લોકોની ચર્ચામાં પણ નાવીન્ય નથી રહ્યું. મૃત્યુ કોઈ ને કોઈ રૂપમાં સતત આપણી આસપાસ દેખાઈ રહ્યું છે, અનુભવાઈ રહ્યું છે, સંભળાઈ રહ્યું છે. મૃત્યુ ક્યારે કોના જીવનો કઈ રીતે ખાતમો બોલાવશે એ ખબર નથી, પરંતુ એ ખાતમો નિશ્ચિત બોલાવશે એ તો દરેકેદરેકને જ ખબર છે.



જે મૃત્યુને સતત આપણે જોઈ રહ્યા છીએ, સાંભળી રહ્યા છીએ અને અનુભવી રહ્યા છીએ એ મૃત્યુનો સાચો ડર આપણને ક્યારે લાગવો શરૂ થાય છે વિચારો. કહું? મૃત્યુનો સાચો અને હૃદયસોંસરવો ડર આપણને ત્યારે જ લાગે છે જ્યારે એ આપણી સામે આંખ કાઢીને ઊભું હોય. કોઈ અકસ્માતમાં આપણે અટવાઈ ગયા હોઈએ, કોઈ ગંભીર બીમારી આપણને લાગુ પડી હોય કે પછી કોઈ એવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા હોઈએ જેમાં વહેલા મરણની સંભાવના વધી પડી હોય ત્યારે આપણને મૃત્યુનો ડર લાગતો હોય છે. ત્યારે આપણને જિંદગી માટે પ્રેમ જાગતો હોય છે. ત્યારે આપણને નહીં મરવાની ઈચ્છા જાગતી હોય છે. ત્યારે આપણને હજી ઘણું કરવાનું બાકી છે એ વધુ તીવ્રપણે અનુભવાતું હોય છે અને ત્યારે જ આપણાથી જિંદગીનો અંત


* અહિંસા પરમો ધર્મ *

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ** Trust Reg. No. E 302 (Kutch)

Income Tax Exemption under section 80 G • Income Tax PAN No. AAATS9905N

**મુ. જખૌ, તા. અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : 02831-287239 / 09687213695**

વિક્રમ નું નુતન ૨૦૭૩ નું વર્ષ સર્વે જીવદયા પ્રેમીઓ, દિલેર દાતાઓ, ઉદાર જ્ઞાતિજનો તથા શુભેચ્છકો ને સુખ, શાંતિ, સમૃધ્ધિ, તંદુરસ્તી અને સ્વાસ્થ્યથી ભરપૂર રહે એજ શુભેચ્છા.

જખૌ પાંજરાપોળ માં હાલ ૧૫૫ ઢોરનો નિભાવ થઈ રહ્યો છે. યોગ્ય ખાદ્યા ખોરાકીની માવજત, સાર સંભાળ, દાક્તરી સેવા થકી ઢોરો ખૂબજ સારી રીતે જીવન વ્યતિત કરી રહ્યા છે. અબડાસાના મામલતદાર સાહેબ તથા અન્ય અધિકારીઓએ પાંજરાપોળની વ્યવસ્થા, વહીવટ, ઢોરોની સાર સંભાળની તારીફ કરેલ છે.

પર્યુષણ દરમ્યાન જખૌ પધારેલ મહાજન પ્રમુખ શ્રી ભરતભાઈ જીવાણી તથા જ્ઞાતિ બંધુઓએ પાંજરાપોળની ખાસ મુલાકાત લીધેલ અને સંતોષ વ્યક્ત કરેલ. જ્ઞાતિબંધુઓ સર્વ શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા, શ્રી કીર્તિ પદમસી લોડાયા, શ્રી રાજેન્દ્ર કુંવરજી લાલકા - નેત્રા જરૂરી માર્ગદર્શન સલાહ સુચન આપતા રહે છે.

**આ વર્ષે પણ જખૌ વિસ્તારમાંઅ પૂરતો વરસાદ થયો છે. ઘાસ ચારા, પાણીની તીવ્ર અછત છે. બહારથી મોંઘા ભાવે ચારો મંગાવવો પડે છે. દાતાઓને ઉદાર સહાયતા માટે હાર્દિક વિનંતી છે.**

**લી. ટ્રસ્ટીઓ,**

**મહેન્દ્ર દેવજી ખોના,** મેનેજીંગ ટ્રસ્ટી - **09323917075**

| | | | |
|---|---|---|---|
| **કીશોર કાયાણી** | **- 09920395551** | **અશોક ગોવિંદજી મૈશેરી** | **- 09099053714** |
| **ભરત મુલજી મૈશેરી** | **- 09820058049** | **રમેશ વેલજી મૈશેરી** | **- 09825549939** |
| **નવીનચંદ્ર વેલજી સોની** | **- 09328231961** | **અમીતા તીલકચંદ મોમાયા** | **- 09819181790** |

આવે એ સ્વીકારાતું નથી.

બીજું, મૃત્યુનો સાચો ડર ત્યારે લાગતો હોય છે જ્યારે તમારી અંગત વ્યક્તિના જીવનમાં એવા સંજોગો ઊભા થાય જેમાં મૃત્યુ વહેલું આવે એવું દેખાવાનું શરૂ થયું હોય. હું માનું છું કે હું મરવાનો છું કે મરવાની છું એની પીડા કરતાં પણ હું જેને મારા જીવ કરતાં પણ વધુ ચાહું છું એવી વ્યક્તિ મરવાની હોય એનો ડર વધુ લાગતો હોય છે.

માણસજાત પાસે સમય નામની સૌથી શ્રેષ્ઠ દવા છે જે બધા જ ગમ ભુલાવી દે છે. આ હકીકત હોઈ પણ શકે છે. જીવી લેતા હશે લોકો પોતાની વ્યક્તિને ગુમાવીને પણ, પરંતુ મૃત્યુની પીડા એ વ્યક્તિ સાથે તેમણે પણ ભોગવેલી જ હોય છે. અને તેઓ જીવે ત્યાં સુધી એ ભોગવતા રહે છે. તેમના માટે બાકીનું જીવન દુષ્કર જ નીવડતું હોય છે. જો સંબંધો સાચા હોય, લાગણીઓમાં અને પ્રેમમાં પવિત્રતા અને શુદ્ધતા હોય ત્યારે પોતાની વ્યક્તિને ક્ષણે-ક્ષણે પીડામાં અને દુઃખમાં ઝૂરતી જોવી, તેને કંઈ થઈ જશે તો અથવા તે આપણને છોડીને કાયમ માટે જશે તો એવાં સતત ઉદ્‌ભવતાં ભય અને અનિશ્ચિતતા સાથે જીવવું એ મરવાથી ઓછું નથી હોતું. મૃત્યુના આ ભયની અંદર કલ્પના ન કરી શકાય એ સ્તરની લાચારી, બિચારાપણું અને પરવશતા હોય છે.

જેની સમક્ષ મૃત્યુની સંભાવના ઊભી થઈ છે એ વ્યક્તિ માટે સ્વસ્થતા કેળવવી હજી પણ એ દૃષ્ટિએ થોડીક સરળ બને છે કે એ તેનો પોતાનો મામલો છે, હું કદાચ મૃત્યુ પણ પામું એ બાબતમાં હું આવતો હોય ત્યારે હું પોતે કર્તા છું. મારે નક્કી કરવાનું છે કે એવા સંજોગો સર્જાય એ પહેલાં ક્યાં પરિવર્તનો લાવવાનાં, મારા ગયા પછી શું એ વિચારવા માટે પણ મારી પાસે સ્કોપ નથી અને મારા ગયા પછી હું ક્યાં હોઈશ અને ક્યાં જઈશ અને મારું શું થશે એની મને ખબર જ નથી. અતિશય અનિશ્ચિતતા અને અસ્પષ્ટતાઓને કારણે વ્યક્તિની વિચારશક્તિ જ બુઠ્ઠી થઈ જાય છે.

પરંતુ જે વ્યક્તિએ પોતાની વ્યક્તિને ગુમાવી દેવાના ડર સાથે જીવવાનું છે તેનું શું? જેની સાથે પોતાના જીવનની ક્ષણેક્ષણ જોડાયેલી છે, જેના પર પોતે સંપૂર્ણ નિર્ભર છે, જે જીવનનો આધાર છે, જેની સાથે જ જીવવાની આદત છે-ઈચ્છા છે-અનિવાર્યતા છે, જેને મેં મારા દૂધથી સીંચીને મોટો કર્યો છે, જેણે જીવનભર માટે મારી રક્ષાનું પ્રૉમિસ કર્યું છે, જેના હાસ્યથી અને ગુડ મોર્નિંગથી મારો દિવસ શરૂ થાય છે, જેના જમવા સાથે મારા ભોજનની શરૂઆત થાય છે એ વ્યક્તિ ન હોય એ કેવી રીતે સહ્ય છે?

મરવું સહેલું છે, પરંતુ પોતાની વ્યક્તિ નહીં હોય અથવા ન હોય એવા સંજોગો સાથે જીવવું અઘરું છે, અસંભવ નથી; પણ ખૂબ પીડાદાયક છે, અસહ્ય છે. ક્ષણેક્ષણ એમાં કાતિલ હોય છે. સેંકડો મૃત્યુની પીડા એ જીવનમાં સમાયેલી હોય છે. આ પીડાને જાણવા માટે એ માતાને મળવું પડે જેણે પોતાની




॥ શ્રી મોમાઈ માતાયે નમઃ ॥



## મોમાયા પરિવારની ૨૪મી સમુહ પહેડી

વરાડીયા ગામના મોમાયા પરિવારના કુળદેવીને નમતા ભાવિકોને મહા સુદ બીજ **તા.૨૯/૧/૨૦૧૭**ના મોમાઈ માતાજીની ૨૪મી સમુહ પહેડીનું આયોજન કરેલ છે. તો એમાં મોમાયા પરિવાર તથા નિયાણી બહેનોને સહકુટુંબ આમંત્રણ છે.

**માતાજીને વાજતેગાજતે તેડવાનો લાભાર્થી પરિવાર શ્રી કુંવરજી આણંદજી મોમાયા પરિવારે લીધેલ છે.**

| **માતાજીને વાજતેગાજતે તેડવાનો સમય** | **માતાજીને પોખવાનું તથા સ્થાપના** | **-: સ્થળ :-** |
|---|---|---|
| સવારના ૮.૦૦ વાગે<br>ઝવેર રોડ દેરાસર મુલુંડ | સવારના ૯.૦૦ વાગે. | સારસ્વત વાડી, ઝવેર રોડ,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. |

**રમઝટ જમાવશે : સ્વર સરીતા ગ્રુપ બિપીનભાઈ ગોર,** વરાડીયા

**સ્વરૂચી ભોજન : ભલારા કેટરર્સ - દિપેશ ચિમનલાલ મોમાયા,** વરાડીયા

❖ મહાસુદ પૂનમ ૨૦૭૩ માતાજીની ધજા વરાડીયા સ્થાને **તા. ૧૦/૨/૨૦૧૭**ના ચડાવવામાં આવશે. તો મુંબઈ થી **તા. ૮/૨/૨૦૧૭**ના ટિકિટ નીકળશે. વરાડીયા થી મુંબઈ **તા. ૧૦/૨/૨૦૧૭.**

❖ માતાજીના નવા ભુવાની પહેલી ગંધી (બ્યાવુ) બદલવાનું ચૈત્રસુદ દશમ **તા. ૬/૪/૨૦૧૭**ના આયોજન કરેલ છે. કચ્છ જવા માટે **તા. ૪/૪/૨૦૧૭**ના અને વરાડીયા થી મુંબઈ **તા. ૬/૪/૨૦૧૭**ના રવાના થશું. વહેલી તકે કાર્યકર્તાને સંપર્ક કરવું એ હિસાબે ટિકિટોનું આયોજન થઈ શકે.

સંપર્ક

**લલિતભાઈ મોમાયા - 084519 32223**
**લીનાબેન મોમાયા - 093216 91018**



**પ્રિયાબેન મોમાયા - 074984 42020**
**પ્રફુલભાઈ મોમાયા - 093201 51550**

યુવાન દીકરીને આપઘાતમાં ગુમાવી હોય, આ પીડાને પામવા માટે એ પત્નીને મળવું પડે જેણે પોતાના સર્વસ્વ એવા પતિને સહજીવનની શરૂઆતમાં જ ગુમાવવો પડ્યો હોય, આ પીડા એ પિતાને પૂછવાની જેણે પોતાના ખભાથી ખભો મિલાવવા માટે સજ્જ થયેલા દીકરાને કોઈ બીમારીમાં ગુમાવ્યો હોય, આ પીડા વિશે એ બહેનને પુછાય જેણે પોતાની સાથે નાની-નાની વાતો શેર કરતા અને મોટી-મોટી મસ્તી કરતા નટખટ ભાઈને ગુમાવ્યો હોય.

આ પીડા વિશે જોકે કોઈ તમને કંઈ કહી નહીં શકે. તેમની આંસુઓથી તગતગતી આંખોમાં તમારે પ્રવેશવું પડશે ને જાતે જ એને જાણવી પડશે, તેમના ચૂર-ચર થતા હૃદયના તંતુઓને તમારે જાતે જ સંભાળવા પડશે. આ પીડાને અનુભવવા એ વ્યક્તિઓની જગ્યાએ તીવ્રતાપૂર્વક તમારી જાતને તમારે મૂકવી પડશે.

સંબંધોમાં જ્યાં લાગણીઓની પરાકાષ્ઠા હોય છે ત્યાં પ્રિયજનની વિદાય દરેક રીતે વ્યક્તિને તહસનહસ કરનારી હોય છે. મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ ખૂબ જ ચોક્કસ સંજોગોમાં આપણે એની ગંભીરતા સમજી શકીએ છીએ. મૃત્યુ પોતાના માથા પર તોળાય એના કરતાં પણ એ તમારી વ્યક્તિના માથા પર તોળાતું હોય એ સંજોગો તમારી અંદર એક અજબ ઝંઝાવાત સર્જતા હોય છે. તમે પણ ક્ષણેક્ષણ મરતા શરૂ થઈ જતા હો છો.

એટલે તમારું પોતાનું પણ ખૂબ જ ધ્યાન રાખો જેમાં એવા કોઈ સંજોગો ઊભા ન થાય કે તમને કંઈ થાય અને તમારી આસપાસ તમને ખૂબ ચાહનારા લોકોના માથે આભ ફાટે.

તંદુરસ્ત રહેવા માટેના રસ્તા ખૂબ જ આસાન અને સરળ હોય છે. ખોવાયેલી તંદુરસ્તી પાછી મેળવવાનો માર્ગ કાંટાળો છે. એટલે જ આંખના પલકારામાં પૂરી તથી જિંદગી જીવવા મળતી હોય ત્યારે અને ખરાબ આદતોથી બગાડીએ નહીં અને પોતાની તેમ જ આસપાસના માનીતા એવા તમામ લોકોની સાર સંભાળ કરીએ જેના વિના આપણે જીવી નથી શકવાના, કારણ કે આપણે બધા જ જાણીએ છીએ કે મૃત્યુ તો નિશ્ચિત છે.

આજથી જીવવાનું શરૂ કરીએ; કારણ કે આપણું જીવવું આપણી આસપાસના લોકોના જીવવા માટે જરૂરી છે. અત્યારે તમને તેમના વર્તનમાં ન લાગે, તેમને તમારી જરૂર નથી એવું અનુભવાય; પણ એ લોકો માટે તમારું હોવું આવશ્યક છે. એ લોકો જતાવી નથી શકતા, કારણ કે પેલા બે સંજોગો તેમની સામે આવ્યા નથી જેમાં તેમને તમારી હયાતી કેટલી મહત્ત્વની છે એ સમજાય. તમે તામરી જાતને પ્રેમ કરતા હો અને તમને પ્રેમ કરે એ લોકોને પણ ચાહતા હો તો આજથી જ તમારી તંદુરસ્તી માટે અને તમારી આસપાસના લોકોની તંદુરસ્તી જીવન માટે સતર્ક થઈ જાઓ.

– **રુચિતા શાહ,** મિડ-ડેમાંથી સાભાર


# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

વડાલા નગરે **પ.પૂ. ગણીવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.**ની પાવન નિશ્રામાં ચોમાસાની પૂર્ણાહુતિ પ્રસંગે તેમજ શ્રી સંઘનો પ્લોટ પોતાના નામે થતા તેની ખુશીમાં નવકાર મહામંત્રના ભાષ્ય જાપનું દિવ્ય અને ભવ્ય અનુષ્ઠાન **રવિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૬ના સવારના ૯ થી ૧૨ કલાકે** થશે. આ ખુશીમાં સામેલ થવા દરેક શ્રી સંઘો - મહાજનો - મંડળોના બે બે પ્રતિનિધીને સપ્રેમ અનષ્ઠાનમાં ભાગ લેવા આમંત્રણ છે. અનુષ્ઠાન બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.

**કાર્યક્રમનું શુભ સ્થળ :**

શ્રી સંઘનું શ્રી ધનજી રાયમલ દેઢીયા દર્શન ઉપાશ્રય હૉલ, ગામ ફરાદી,

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ અને શ્રી કચ્છી વીશા ઓશવાલ જૈન જ્ઞાતિ ટેરેસ હૉલ,
દેરાસર લેન, વડાલા (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૩૧.
ફોન : **24125668**



વિશેષ માહિતી : **અશોક સોમચંદ ઝવેરી - 09821144324**
**સુશીલાબેન ચંદુલાલ ધરમશી - 09769111034**



લી. **ટ્રસ્ટીઓ અને ચાતુર્માસ કમિટીના પ્રણામ**

## આરોગ્ય પ્રકાશ : હોસ્પિટલ કે ડૉક્ટર પાસે જતાં પહેલાં

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૮) ફ્રોઝન સોલ્ડર – ખભાનો સાંધો જામ થવો :** આ તકલીફમાં હાથ ઉપર કરતી વખતે કે પીઠ તરફ પાછળ ફરતી વખતે ખભામાં ખૂબ દુઃખાવો થાય છે અને તેથી હાથ સંપૂર્ણ રીતે પાછળ કે ઊંચો થઈ શકતો નથી. ડાયાબીટીઝના દરદીને, કે હાથમાં ક્યાંય ફ્રેક્ચર થયું હોય તેની સંભાળ લેવામાં, તેમજ ઉંમર વધે તેમ ફ્રોઝન સોલ્ડરની તકલીફ થઈ શકે છે.

આ બિમારીમાં કસરત ખૂબજ મહત્વની છે. ૧) દિવાલ તરફ મોં રાખી બન્ને હાથ સીધા દિવાલને અડકે તેમ રાખી આગળ વધતાં જવું અને હાથની આંગળીઓને દિવાલ પર ઉપરની દિશામાં ચલાવતા જવું. ઠેઠ ઉપર સુધી લઈ જવું. જે હાથમાં દુઃખાવો હશે તે શરૂઆતમાં એકદમ ઉપર સુધી નહિં જઈ શકે પણ આ કસરતથી ધીરે ધીરે તેમાં સુધારો થતો જણાશે. ૨) આજ રીતથી હાથને નીચે તરફ લાવતાં દિવાલથી દૂર થતા જવું આ કસરત ૧૦-૧૫ વખત કરો. તે જ મુજબ જે હાથનો દુઃખાવો હોય તે હાથને દિવાલ સામે રાખી (આડા ઊભા રહી) બરાબર એજ રીતે હાથની આંગળી એને દિવાલ પર ઉપર તરફ અને પાછા નીચે તરફ કરો. ૩) ખભાને કસરત મળે તે રીતે હાથને ગોળાકાર ગતિમાં બાજુમાં કે આગળ તરફ કે ઉપર-નીચે એમ ૧૦-૧૦ વખત કરો. ૪) બજારમાં મળતી સાદી ઈલાસ્ટીક ૨ મીટર જેટલા માપની લ્યો. પગના અંગુઠામાં તેને અટકાવી દૂખતા હાથથી – સીધો સામે તરફ પકડી ઉપર તરફ ખેંચીને લઈ જાવ; તે જ રીતે ડાબી તરફ કે જમણી તરફ પણ ઉપર સુધી ખેંચો; બારીના સળિયામાં કે દરવાજાના હેન્ડલમાં અટકાવી દુઃખાવા વાળા હાથથી સામે તરફ, ઉપર તરફ, ડાબી તરફ અને જમણી તરફ એમ દરેક દિશામાં ૧૦-૧૦ વખત ઈલાસ્ટીકને ખેંચો. આ ઈલાસ્ટીકના ખેંચવાથી સ્નાયુને કસરત મળે અને જામ થયેલો સાંધો છૂટો થાય છે.

ફ્રોઝન સોલ્ડરની તકલીફ શરૂ થતાં જ કસરત શરૂ કરાય તો આ તકલીફથી જલ્દી જ મુક્તિ મળે છે. ફ્રોઝન સોલ્ડરની તકલીફ આજકાલ બહુ વધુ પ્રમાણમાં જણાય છે તેથી આગમચેતી વાપરી વધતી ઉંમરે, ડાયાબીટીઝવાળાઓ કે હાથમાં ફ્રેક્ચર થયું હોય તેમણે અગાઉથી જ ખભાની કસરત અને હલનચલન કરવું ફાયદાકારક છે. આ તકલીફમાં શેક કરવાથી સહેજ રાહત મળે પણ માલીશનો ખાસ ઉપયોગ થતો નથી. વધુ તકલીફવાળાએ ફીઝયોથેરાપીસ્ટ પાસે નિયમબધ્ધ


### તૃતિય પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



જન્મ : તા. ૭-૧૦-૧૯૫૫

અરિહંત શરણ : તા. ૦૪-૧૧-૨૦૧૩

**શ્રીમતી વિજ્યા શાંતિલાલ દંડ**

ડોંબિવલી - ભરૂડીયા

**ઘેઘૂર વડલાની છાયા જેવી તમારી મમતાની માયા...**
**અનુભવાતી રહેશે તમારા સ્નેહની સુવાસ સદાય...**
**પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એજઅભ્યર્થના...**

**❖ આપની સ્નેહ સ્મૃતિમાં ❖**

**ગં. રાજબાઈ પદમશી શીવજી દંડ પરિવાર (મુલુંડ)**

| | |
|---|---|
| માતા-પિતા | : સ્વ. ગંગાબાઈ પોપટલાલ જેતસી મોતા સહ - પરિવાર (ગોરખડી) |
| પતિ | : શ્રી શાંતિલાલ પદમશી દંડ (ભરૂડીયા - ડોંબીવલી) |
| પુત્રો-પુત્રવધુ | : સચિન - અનસુયા તથા અમિત |
| પૌત્રો | : મિહિર - આદિ |


શ્રી આદિનાથાય નમઃ   શ્રી વિમલનાથાય નમઃ   શ્રી અનંતનાથાય નમઃ   જય જય ગરવી ગુજરાત

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ

રજી.ઓફીસ-: ''અમીત'' 5-પરસાણા નગર, જંકશન પાછળ, રાજકોટ - 360 001.

સરક્યુલર નં. ૧/૧૬ ૨૮-૧૦-૨૦૧૬

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની આગામી **જનરલ મીટીંગ** તા.૨૦-૧૧-૨૦૧૬ ને રવિવારે સવારના ૧૨-૦૦ કલાકે પાવાગઢ મુકામે નીચેના એડ્રેસ પર રાખવામાં આવેલ છે.

**પરમાર શ્રત્રીય જૈન સેવા સમાજ**
**જૈન ધર્મશાળા, પાવાગઢ રોડ, પાવાગઢ.**

**મીટીંગની કાર્યસુચી (એજન્ડા)**

૧. એકમની ૧૮-૧૦-૧૫ ની જનરલ મીટીંગ ની મીનીટ્સ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.
૨. એકમના ૩૧-૩-૨૦૧૬ ના રોજ પુરા તથા વર્ષના ઓડીટેડ હિસાબ -કિતાબ.
૩. એકમના ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે અંદાજીત બજેટ .
૪. એકમના ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવા બાબત.
૫. પ્રમુખશ્રી અથવા પ્રમુખશ્રીની અનુમતીથી જે કાંઈ રજુઆત થાય તેના પર ચર્ચા-વિચારણા કરવા બાબત.

નોંધ-(૧)કોરમના અભાવે જો મીટીંગ મુલ્તવી રાખવી પડે તો ઉપરોકત સ્થાને ૩૦ મીનીટ પછી કોરમનો બાધ લીધા વગર મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે.
(૨) ફકત તા. ૩૦-૧૦-૨૦૧૬ સુધી નોંધાયેલા એકમના સભ્યો માટે પ્રવેશ, સભ્યોને માત્ર પ્રકાશ સમીક્ષાના માધ્યમથી જાણ કરવામાં આવે છે, વ્યક્તિગત નોટીસ મોકલવામાં આવશે નહી.
(૩) નોંધ - સર્વે સભ્યો તથા આમંત્રીત મહેમાનો માટે મીટીંગ બાદ ભોજનની વ્યવસ્થા છે.

લિ. સેક્રેટરી
શ્રી ક. દ. ઓ. જૈન પશ્ચિમ એકમ
મુકેશ માણેકજી લોડાયા

કરસત જાણી લઈ તે નિયમિત કરવી.

**(૯) બળી જવું – દાઝી જવું :** ગરમ પ્રવાહી ઢોળાયાથી નાનું બાળક દાઝી જાય કે રસોડામાં કામ કરતી વ્યક્તિ સાધારણ દાઝી જાય કે તરત જ તે ભાગ પર ઠંડુ પાણી રેડવું અને ત્યારબાદ તરતજ કાચા બટેટાને સારી રીતે ધોઈ તેની ખમણ કરી દાઝેલા ભાગને સંપૂર્ણ આ બટેટાની ખમણથી ઢાંકી દેવો, જરૂર જણાય તો અર્ધા કલાકે ફરી ખમણ બદલાવી શકાય. બટેટાની ખમણ લગાડવાથી તરતજ ઠંડક મળશે. ફોલ્લા નહીં પડે તેમજ ભવિષ્યમાં દાગ પણ નહીં રહે, તે ઉપરાંત ઝખમ પર રૂઝ પણ જલ્દી આવશે.

જો ફોલ્લા પડી ગયા હોય તો તે ફૂટે નહીં તેનું ધ્યાન રાખો પણ જો વધુ બળી ગયા એટલે કે જ્વાળા બુઝાવવા માટે ધાબળા કે ચાદરનો ઉપયોગ કરી જ્વાળા બુઝાવવાનો પ્રયત્ન કરાય છે તે કરવું નહિં એટલે કે વ્યક્તિને ચાદરમાં કે ધાબળામાં લપેટવી નહિં કારણ લપેટવાથી ગરમી અંદર વધુ રહે છે અને ચામડીને ઉંડે સુધી નુકશાન પહોંચાડે છે તેમજ ચેપ લાગવાનો પણ તેમાં ભય હોય છે. સાધારણ દાઝ્યા ને સિલ્વરસલ્ફાડાઈઝીન મલમ લગાડવો.

**૧૦) વીજળીનો શૉક – કરંટ લાગવો :** સૌ પ્રથમ તો ભીના હાથે ઈલેક્ટ્રીક સ્વીચ કે ઉપકરણને અડવું નહિં. કરંટ લાગે ત્યારે સામાન્ય રીતે વ્યક્તિ તરતજ દૂર ફેંકાઈ જ જાય છે પણ જો ચોંટી ગઈ હોય તો તેને અડક્યા વગર લાકડીની મદદથી તે વ્યક્તિને દૂર હડસેલવું. કરંટ લાગેલ વ્યક્તિ ખૂબજ ગભરાઈ જાય છે. પ્રેશર લો થાય છે તેથી હિંમત આપવી, પ્રવાહી ખૂબ પીવડાવવું. છતાંય વધુ તકલીફ હોય તો હૉસ્પિટલ લઈ જવું.

**૧૧) એસીડીટી :** જઠરમાં કુદરતી એસીડ ઝરે છે તે જો વધી જાય તો અસીડીટીની તકલીફ થાય. પેટમાં બળતરા, છાતીમાં બળતરા, માથાનો દુઃખાવો, ઉલ્ટીનો મુંઝારો થવો, વધુ હોય તો ઉલ્ટી થવી વગેરે લક્ષણો છે.

આ તકલીફમાં ઠંડુ દૂધ પીવાથી, આઈસક્રીમ ખાવાથી કે મરચા મસાલા વગરનું તેમજ ગરમાગરમ ન હોય તેવું કાંઈપણ ખાવાથી રાહત મળે છે. આ તકલીફ માટે ડાયજીન, જેલ્યુસીલ જેવી એન્ટાએસિડ લઈ શકાય. અવારનવાર એસીડીની તકલીફ હોય તેમણે રોજ સવારે ત્રણેક ગ્લાસ પાણી પી વમન (મોંમા આંગળા નાખી ઉલ્ટી કરવા) કરવાથી પિત્તની તકલીફ ધીરે ધીરે ઘટે છે.

* ઘણી વખત એસીડીટી જેવું લાગે પણ હાર્ટ એટેકની સંભાવના હોવાનું બન્યું છે તેથી આ એસીડીટીની તકલીફને સામાન્ય જ છે એવું ન ગણતા. ડૉક્ટરનો સંપર્ક કરવો જરૂરી તેમજ ચોકસાઈ માટે કાર્ડિયોગ્રામ કઢાવવો જરૂરી.

* ચાલતા કે દાદર ચડતા છાતીમાં બળતરા થતી હોય તો એ એસીડીટી છે એમ ધારી ન લેતાં, તો હૃદયને લોહી ઓછું પહોંચે છે તેનું લક્ષણ છે એ માટે એન્જયોગ્રાફી કરાવવી જરૂરી.

**૧૨) હાર્ટ અટેક :** છાતીમાં દુઃખાવો કે ભીંસ, પીઠમાં, ડાબા ખભામાં, ડાબા જડબામાં, ડાબા હાથમાં દુઃખાવો થાય, ખૂબ પસીનો થાય ક્યારેક ચક્કર ઉલ્ટી કે દમ પણ લાગે, આમાંથી કોઈપણ લક્ષણો જણાય તો બેદરકારી ન કરતાં એ વ્યક્તિએ હલનચલન વધુ ન કરવું, દાદરા ચડવા કે ઉતરવા બિલકુલ નહીં. શ્રમ ન પડે એ રીતે અન્યની મદદ વડે તાત્કાલિક હૉસ્પિટલ પહોંચવું. શરમમાં કે અન્યને તકલીફ ન આપવાના વિચારે વ્યક્તિ અન્યની મદદ સિવાય ચાલે કે દાદર ચડ-ઉતર

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી

**દ્વારા આયોજીત**

### પ્રથમ ફોરેન ટુર (દુબઈ – અબુધાબી)

ફેબ્રુઆરી ૧૭ મધ્યમાં ૬ દિવસ પાંચ રાત્રી થ્રી સ્ટાર હોટેલ, ટ્રીપલ શેરીંગ, એરફેર સાઈટ શીઈંગ, વિઝા, હોટેલ, લંચ, ડિનર (જૈન ફુડ સાથે) રહેશે.

ઓછામાં ઓછા ૨૫ જણ હશે તોજ આયોજન કરવામાં આવશે.

પેમેન્ટ ૫૦% એડવાન્સ બાકીનાં ૧૦ દિવસની અંદર ભરવાના રહેશે.

પાછળથી રીફંડ કે ટ્રાન્સફર નહીં થશે.

નામો મોડામાં મોડા **તા. ૨૫/૧૧/૨૦૧૬** સુધી લેવામાં આવશે.

વધુ વિગત માટે મંડળમાં સંપર્ક સાધવો.

| **અતુલ ધરમશી** | **રાયચંદ જીવાણી** |
|---|---|
| પ્રવાસ (ચેરમેન) | પ્રમુખ |
| મો. **099308 84141** | મો. **098330 43749** |
| | **098210 46343** |


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


કરે તો હૃદયને વધુ નુકસાન પહોંચે અને ઘાતક પણ નીવડે. હવે તો ઘણી જગ્યાએ ફોન નંબર ૧૦૮ થી સંપર્ક કરતાં એમ્બ્યુલન્સ તરત જ પહોંચે છે અને દરદીને સંપૂર્ણ સહાય મળે છે.

આવા સમયે ઘરથી નીકળતા પહેલા I.C.U. હોય તેવી હૉસ્પિટલમાં ફોન કરી જાણ કરવાથી, હોસ્પિટલમાં પણ આ દરદી માટે સ્ટ્રેચર, ડૉક્ટર વગેરે અગાઉથી તૈયાર હોય જેથી દરદીના ઈલાજમાં પળનો પણ વિલંબ થતો નથી પરિણામે તે દરદીમાટે ફાયદાકારક બની રહે છે.

**૧૩) સ્ટ્રોક : મગજની લોહી પહોંચાડતી નસમાં ગઠ્ઠો :** ક્લોટ થાય અથવા મગજની નસ ફાટે (બ્લડપ્રેશર વધવાથી) ત્યારે રક્તપુરવઠા પર અસર થાય છે અને મગજને લોહી ન મળવાથી ઑક્સિજન અને પોષણ ન મળવાથી, મગજનો એ ભાગ કામ કરતો બંદ થાય છે એને સ્ટ્રોક કહેવાય છે. મગજનો જે ભાગ કામ કરતો બંદ થાય તો શરીરના તે ભાગનું નિયંત્રણ કાર્ય બંદ થવાથી શરીરના તે ભાગમાં લકવાની અસર થાય છે.

કોઈ વ્યક્તિને સ્ટ્રોક આવ્યો છે તે કેમ ખબર પડે? જો જોરદાર સ્ટ્રોક હોય તો વ્યક્તિનું વર્તન બદલાય - વિચિત્ર રીતે વર્તે, ત્યારે તે વ્યક્તિ ને ૧) સ્મિત આપવા કહો, ૨) સાદું વાક્ય બોલવા કહો - (દા.ત. આજે વરસાદ ખૂબ છે કે આજે રવિવાર છે), ૩) એ વ્યક્તિને બન્ને હાથ ઉંચા કરવા કહો... જો આ ત્રણ ક્રિયાઓમાંથી એક પણ બરાબર ન કરી શકે તો એ વ્યક્તિને સ્ટ્રોકની તકલીફની શરૂઆત થઈ છે. વધુ ખાત્રી કરવા તે વ્યક્તિને જીભ બહાર કાઢવા કહો... જો જીભ ડાબી કે જમણી કોઈપણ એક બાજુ વળી જાય તો તે વ્યક્તિને તાત્કાલિક હૉસ્પિટલ લઈ જાવ.

જેટલું જલ્દી સારવાર મળે તેટલું નુકશાન ઓછું થાય. શરૂઆતના ૪ કલાકમાં દરદી હૉસ્પિટલ પહોંચે તો ડૉક્ટર તેને નસ દ્વારા ઈંજેક્શન આપી થ્રોમ્બોલાઈઝ કરી શકે તેથી પરિણામ સારું મળે છે. પણ જો ચાર કલાકથી વધુ થઈ જાય તો થ્રોમ્બોલાઈઝ કરી ન શકાય. માટે ઉપર જણાવેલ સરળ ટેસ્ટ કર્યા પછી સ્ટ્રોક જણાય તો સત્વરે હોસ્પિટલ પહોંચાડવું અને રસ્તામાંજ હોસ્પિટલમાં જાણ કર્યાથી તે દરદી માટે સારવારની તૈયારી મોજુદ મળી શકે.

**શ્રી કુલપાકજી જૈન તીર્થ યાત્રી સંઘ ફક્ત રૂા. ૫૦૦/- માં કાયમી સંઘપતિ બનવાનો લ્હાવો**

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા હૈદરાબાદ પાસે શ્રી કુલપાકજી તીર્થ માત્રા માટે કાયમી સંઘપતિ છે જેથી આ યાત્રા અખંડપણે ચાલતી રહેશે.

હવે શ્રી બઉતરે જિનાલય મેડચલ તીર્થ યાત્રા માટે શ્રી સંઘને કાયમી સંઘપતિની આવશ્યકતા છે જે માટે શ્રી સંઘ એક યોજના ઘડી છે તે અનુસાર શ્રી સંઘ પાસે દર મહીને રૂા. ૫૦૦/- જમા કરાવીને પસંદગીના મહીનાના કાયમી સંઘપતિ બની શકાય છે.

બાર મહીનાના બાર સંઘપતિની આવશ્યકતા છે માટે આ તક ઝડપી લેવા વિનંતિ કરવામાં આવી છે.

વધુ વિગત માટે સંપર્ક : હંસકુમાર રાયચંદ સાયલા - 2040-27562545, 6636 2545

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

હાડકાનો કેમ્પ રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૬ના સવારના ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૬-૧૧-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૭-૧૧-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ચાતુર્માસની પૂર્ણાહૂતિએ તે દરમિયાન જ્ઞાન અને અનુશાસન દ્વારા જીવનનું નવઘડતર કરનારા સર્વ ગુરૂજનોને ભાવપૂર્વક વંદના !
- ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## ત્રિભુવનતિલક શ્રી રાણકપુર તીર્થ – પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

(જૈન વિદ્યાના તજજ્ઞ વિદ્વાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો પરિચય આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વ્યાખ્યાતા, લેખક, મહાવીરકથા, ગૌતમકથા, નેમ-રાજુલકથા દ્વારા લોકચાહના પ્રાપ્ત કરનાર જૈન ધર્મના ઊંડા અભ્યાસી તરીકે આપી શકાય. એમની કોલમો 'ઈંટ અને ઈમારત' તથા 'આકાશની ઓળખ' વગેરે ઘણી જગપ્રસિદ્ધ છે. તે તેમણે 'આનંદઘનજી' પર શોધ નિબંધ ગુજરાત યુનિવર્સિટીમાં રજૂ કરી પીએચ.ડી.ની ઉપાધી મેળવી છે તથા હાલ ગુજરાતી અને જૈન વિશ્વકોશમાં કાર્યરત છે.

તીર્થ પરિચય : રાણકપુર તીર્થમાં મૂળનાયક શ્રી આદિનાથ બિરાજમાન છે. અહીં બે મોટા ઘંટ નર અને માદા છે, જેનું સાથે વજન ૫૦૦ કિલો છે. આ તીર્થ ઉદયપુરથી હલદીઘાટી થઈ ૧૦૦ કિ.મી.ના અંતરે છે તથા સાદડી તીર્થથી ૧૦ કિ.મી. દૂર છે.)



શત્રુંજયનો મહિમા અને તારંગાની ઊંચાઈ,
આબુની કોરણી અને રાણકપુરની બાંધણી;
કટકું બટકું ખાજે, પણ રાણકપુર જાજે.'

શ્રી રાણકપુર તીર્થની આ પ્રચલિત લોકોક્તિનો સંકેત એ છે કે ઉદરપૂર્તિની પરવા કર્યા વિના પરમાનંદની પૂર્તિ માટે શ્રી રાણકપુર તીર્થની યાત્રાએ જાજે.

રાજસ્થાનના રાજસમંદ જિલ્લામાં અરવલ્લીની પશ્ચિમ બાજુની ખીણમાં ગાઢ વનરાજીઓથી વીંટળાયેલું શ્રી રાણકપુર તીર્થ એક અનુપમ તીર્થ છે. આ તીર્થની એકબાજુ પાપ પખાલ (પાપ ધોઈ નાખતી) એવી મઘાઈ નદી એના કલકલ મધુર અવાજે વહે છે, તો એની બીજી બાજુ રાણા પ્રતાપ અને વીર દાનેશ્વરી ભામાશાનું સ્મરણ કરાવતા અરવલ્લીના ડુંગરાઓ હાથમાં હાથ ભેરવીને ઉન્નત મસ્તકે ત્રણ બાજુએ ઊભા છે. એની વચ્ચે માદ્રી પર્વતની તળેટીમાં આવેલું શ્રી રાણકપુર તીર્થ એની પોતીકી રમણીયતા અને પ્રાકૃતિક મોહકતાથી મન અને આત્માને મનભર સૌંદર્ય અને ગહન આત્મ-ઉલ્લાસના રંગે રંગી દે છે.

જેમ પ્રકૃતિ અહીં ખોબે ખોબે વરસી છે, એ જ રીતે આ તીર્થની રચનામાં ઉન્નત ધર્મભાવનાઓની અવિરત વર્ષાનો અનુભવ થાય છે. જિનચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અહીં મૂળનાયક તરીકે બિરાજમાન છે અને આ ચૌમુખ જિનમંદિર 'ધરણવિહાર' તરીકે અનુપમ કલાસૌંદર્ય અને શિલ્પસમૃદ્ધિ સજાવીને ઊભું છે.

'ધરણવિહાર'ના દર્શનની ભગવાન ઋષભદેવ – આદિનાથ – પહેલાં તીર્થ કરનારા એટલે તીર્થંકરનું સ્મરણ થાય છે. પ્રથમ રાજા, પ્રથમ સાધુ, ભિક્ષાચાર, પ્રથમ જિન અને પ્રથમ તીર્થંકર મૂળનાયક ભગવાન ઋષભદેવની શ્વેત આરસની ૫૧ ઈંચ ઊંચી ભવ્ય પ્રતિમા ચાર દિશામાં પરિકર સાથે દૃષ્ટિગોચર થાય છે. એની ત્રણ દિશામાં હાથી પર બિરાજમાન મરુદેવી માતાની શિલ્પાકૃતિ છે. જિનાલયના ભવ્ય સભામંડપ જેવી રચના અન્ય જિનાલયોમાં દૃષ્ટિગોચર થતી નથી, કિંતુ એનો અત્યંત સુંદર કોતરણીયુક્ત ચાલીસ ફૂટથી વિશેષ ઊંચો મેઘમંડપ એની કમનીય શિલ્પકલાની ગવાહી પૂરે છે.

વળી એના એક સ્તંભમાં આ તીર્થના નિર્માતા મંત્રી ધરણાશાહની બે હાથ જોડીને ભગવાન ઋષભદેવ પર દૃષ્ટિ સ્થિર કરી વંદન કરતી દસ ઇંચની શિલ્પાકૃતિ મળે છે. મેઘમંડપના અનેક સ્તંભો હોવા છતાં પાઘડી, ખેસ, આભૂષણો અને હાથમાં માળા ધરાવતા જૈન શ્રાવક ધરણાશાહની દૃષ્ટિ સીધી પ્રભુ ઋષભદેવ પર પડે છે. એમના અંતરનો ભાવ એમની આંખોમાં છલકે છે !

રાયણવૃક્ષ અને ગિરનાર અને શત્રુંજય વગેરે તીર્થોની શિલાપટમાં કોતરણી અહીં મળે છે. અનુપમ એવી સહસ્રફણા પાર્શ્વનાથની સાડા ચાર ફૂટના વ્યાસવાળી અખંડ વર્તુળાકાર શિલા એના સૂક્ષ્મ કલા-સ્થાપત્ય માટે મંત્રમુગ્ધ કરે છે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
દિવાળી સુધી રવિવારે પણ ચાલુ

સહસ્રફણા નાગનું છત્ર પાર્શ્વનાથ ભગવાનનું મસ્તક ઢંકાય એ રીતે ઉપસાવવામાં આવ્યું છે અને આ શિલ્પાકૃતિ એની મૌલિકતા, સૂક્ષ્મતા અને સપ્રમાણતા માટે શિલ્પકલાનો અદ્વિતીય નમૂનો ગણાય.

મંદિરના ઉપરના મજલે ઘુમ્મટની છતમાં ફૂલવેલની સુંદર આકૃતિ છે અને એમાં વેલની નાની મોટી વર્તુળાકાર હાર જોવા મળે છે. પણ એકાગ્ર બનીને જોઈએ તો એક જ વેલની સળંગ આકૃતિ છે. નંદિશ્વર દ્વીપનું યંત્ર, ભવ્ય કમળ પર બિરાજમાન સરસ્વતીદેવીની મૂર્તિ, નાગદમનનું મોહક શિલ્પ અને ત્રણેક કિલોમીટર સુધી જેનો રણકાર સાંભળી શકાય એવા અઢીસો-અઢીસો કિલોગ્રામ વજનવાળા બે ઘંટનો ધ્વનિ આરતીના સમયે વાતાવરણને મંગલધ્વનિથી ગૂંજતું કરી દે છે.

'ધરણવિહાર' એ મારુગૂર્જર સ્થાપત્યનું એક અનન્ય અણમોલ સૌંદર્યમંડિત રત્ન છે અને એમાં શિલ્પી દેપાની નૂતન અને મૌલિક પ્રતિભાનો ઉન્મેષ અનુભવાય છે.



ધર્મપરાયણ ધરણાશાહે પોતાના મનમાં જેનું દર્શન પામ્યા હતા એવું નલિનીગુલ્મ વિમાન જેવું જિનમંદિર રચવાનો સંકલ્પ કર્યો. ધર્મપરાયણ ધરણાશાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો અને એ પછી એણે રાણકપુર મંદિર ઉપરાંત અજારી, પીંડવાડા, સાલેર આદિ સાત ગામોમાં નવા સાત જિનાલયો બંધાવ્યા અને અનેક જિનમંદિરોનો જિર્ણોદ્ધાર કર્યો હતો. મંત્રીશ્વર શ્રેષ્ઠિવર્ય ધરણાશાહ બુદ્ધિશાળી અને ધર્મનિષ્ઠ હતા અને આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજીની પ્રેરણાથી એમણે આ જિનાલય સર્જવાનો વિચાર કર્યો અને એ માટે મેવાડના રાણા કુંભા પાસેથી જમીન મેળવી.

મંત્રી ધરણાશાહે સ્વપ્નમાં નિરખેલી ભવ્ય સૃષ્ટિને સાકાર કરે એવો કુશળ શિલ્પી દેપા મળ્યો અને સાચદિલ ધાર્મિક માનવીઓ માટે જ ઉત્કૃષ્ટ શિલ્પકૃતિ રચવી, નહીં તો આરસને ટાંકણા મારવા નહીં, એવો સંકલ્પ ધરાવનાર શિલ્પી દેપા શ્રેષ્ઠિ ધરણાશાહની ઉત્કૃષ્ટ ધર્મપરાયણતા જોઈને પ્રસન્ન થયો અને એણે બારમાં દેવલોકના નલિની ગુલ્મ વિમાન જેવો નકશો તૈયાર કર્યો. વિ.સ. ૧૪૪૬ (ઈ.સ. ૧૩૯૦)થી અઢી હજાર કારીગરોએ આ તીર્થના નિર્માણકાર્યને માટે પચાસ વર્ષ સુધી કામ કર્યુ અને અંતે 'ત્રિભુવનતિલક' જેવા વિશેષણોથી વર્ણવાયેલા આ ચતુર્મુખ જિનપ્રસાદનું નિર્માણ થયું.

કોઈએ આ તીર્થને નંદિશ્વર દ્વિપના અવતાર જેવું કહ્યું, તો એ સમયના શિલાલેખોમાં એને 'ત્રૈલોક્યદીપક' કે ચતુર્મુખયુગાદિશ્વર વિહાર' એવું નામ આપ્યું. વિ.સં. ૧૪૯૬ માં પાંચસો સાધુઓનો પરિવાર ધરાવતા આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે આ જિનાલયની પ્રતિષ્ઠા થઈ. એ સમયે શ્રેષ્ઠી ધરણાશાહે ગરીબોને ખૂબ દાન આપ્યું. પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે જનોપયોગી કાર્યો પણ કર્યો. આ સૂકા પ્રદેશમાં પાણીની અછત ઓછી કરવા માટે કૂવા, વાવ અને તળાવ ખોદાવ્યાં અને હૈયાના ઉમંગથી સાધર્મિક વાત્સલ્ય કર્યાં. ધરણાશાહે એક સમયે દુષ્કાળપીડિત લોકોને માટે અન્નક્ષેત્ર ખોલ્યાં હતાં.

અઢારમા સૈકામાં રાણપુર તીર્થની યાત્રાએ આવેલા આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિશ્વરજીએ 'રણકપુર તીર્થસ્તવન'માં ધરણવિહારનું વર્ણન કરતા કહ્યું., 'નલિનીગુલ્મ વિમાનની માંડણીવાળું આ મંદિર બહુ ઊંચું છે. પાંચ મેરુ, ચારે બાજુ મોટો ગઢ, બ્રમ્હાંડ જેવી બાંધણી, ૮૪ દેરીઓ, ચારે તરફ ચાર પોળો, ૧૪૪૪ થાંભલા, એક એક દિશામાં બત્રીસ-બત્રીસ તોરણો, ચારે દિશાએ ચાર વિશાળ રંગમંડપો, સહસ્રફૂટ, અષ્ટાપદ, નવ ભોંયરાં અને અનેક જિનબિંબ રાયણની નીચે પાદુકા, અદબદમૂર્તિ વગેરે યુક્ત ત્રણ માળનું આ મંદિર છે. અહીં ૩૪૦૦૦ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.'

અડતાલીસ હજાર ચોરસ ફૂટમાં આવેલું સેવાડી અને સોનાણા પથ્થરમાંથી બંધાયેલું મનોહર બાંધણી અને મજબૂત


|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રેવ્હલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર

ટાટા ઈંડીગો/સ્વીફ્ટ ડીઝાઈર/શૅરોલેટ તવેરા

સંપર્કઃ શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા

099798 55686




આ દ રાં જ લિ



**શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા**

લાલા - ઘાટકોપર

અરિહંત શરણ : તા. ૨૬-૧૦-૨૦૧૬

**શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ**

**તથા લાલા ગામવાસી**

ભૂલ સુધાર

ઘાટવાળું આ સ્તંભોના નગર જેવું જિનમંદિર રચવામાં આવ્યું. આ સ્તંભોની ભવ્યતા અને વિપુલ સંખ્યાને કારણે યાત્રાળુઓ સ્તબ્ધ બની જાય છે. ૧૪૪૪ સ્તંભોને આડી અને ઊભી એવી જુદી જુદી હારમાં એવા યોજનાપૂર્વક ગોઠવવામાં આવ્યા કે મંદિરમાં કોઈપણ સ્થળેથી કશાય અવરોધ વિના દર્શનાર્થી ભગવાનના દર્શન કરી શકે છે. ભોંયરાની અંદર અને મંદિરના પાયામાં આવેલા સ્તંભોની કુલ ગણતરી ૧૪૪૪ સ્તંભની થાય છે. એની નકશીકામની સૂક્ષ્મતા, સમૃદ્ધિ અને સપ્રમાણતા આશ્ચર્ય પ્રેરે છે. એની ઉત્કૃષ્ટતાનું વર્ણન કર્યા પછી કવિ મેહ જેવા સમર્થ કવિ અંતે કહે છે કે, 'આનું વર્ણન મારા જેવા એક જીભે તો ન જ કરી શકે.'

આ જિનાલયના તોરણો એ સમયની કલાસમૃદ્ધિની ઉત્કૃષ્ટતા દર્શાવે છે. આજથી સાડા પાંચસો વર્ષ પૂર્વે ૯૯ લાખ સુવર્ણમુદ્રાનો ખર્ચ કરીને આ જિનમંદિરનું નિર્માણ થયાનો ઉલ્લેખ મળે છે. મંત્રીશ્વર ધરણાશાને એમની અંતિમ ઘડીઓમાં જિનમંદિરનું થોડું બાકી રહેલું કાર્ય પૂર્ણ કરવાનું વચન એમના મોટાભાઈ રત્નાશાએ આપ્યું હતું. દીર્ઘાયુષી રત્નાશાએ ધરણાશાના અવસાન પછી આઠ-દસ વર્ષ સુધી કલાત્મક મંડપોનું કમનીય શિલ્પકાર્ય કરાવ્યું અને તીર્થની શોભામાં વધુ પૂર્ણતા આણી.

મંદિરના મુખ્ય પ્રવેશદ્વારની ઉપરના ભાગમાં એક હાથીની પાછળ બીજી હાથીની આકૃતિ છે અને તેના ઉપર ધરણાશા અને તેમના પત્ની તથા રત્નાશા અને તેમના પત્ની એમ ચારેયની શિલ્પાકૃતિ જોવા મળે છે. આ શિલ્પાકૃતિ પણ કેવી છે ! તેઓ ભગવાનની સન્મુખ બેસીને ચૈત્યવંદન કરતા હોય તેવી મુદ્રામાં ! અને હા, નાનાભાઈ ધરણાશાની ભાવના પૂર્ણ કરનાર મોટાભાઈ રત્નાશાની એક જુદી મૂર્તિ મંદિરના દક્ષિણ દિશાના પ્રવેશદ્વાર પાસે પણ મળે છે.

રાણકપુર તીર્થના મુખ્ય મંદિર ધરણવિહારની બાજુમાં તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથ ભગવાનનું કલાસૌંદર્યની સૂક્ષ્મતા ધરાવતું શિખરબંદ જિનાલય છે, તો એની નજીક વીસ ઇંચ ઊંચી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ધરાવતું અન્ય જિનાલય છે.

શ્રી રાણકપુર તીર્થની રચના પછી મોગલ સમ્રાટ ઔરંગઝેબના આક્રમણને પરિણામે આ તીર્થ અતીતમાં વિલીન થઈ ગયું. એની આસપાસ ગીચ ઝાડી ઊગી ગઈ. રસ્તા વિકટ બન્યા. જંગલી પશુઓ અને પુષ્કળ સર્પોને કારણે આ પ્રદેશ વેરાન બની ગયો. એક સમયે ભવ્ય મંદિર અને પવિત્ર મંત્રોચ્ચારથી ગૂંજતું આ તીર્થ કબૂતરો અને ચામાચિડિયાનું નિવાસસ્થાન અને ચોર-ડાકુને છુપાવવાનું સ્થળ બની ગયું.

આવા જિનમંદિરનો જિર્ણોદ્ધાર કલાવંત, કાર્યદક્ષ અને દીર્ઘદષ્ટિ પ્રતિભા ધરાવતા શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ કર્યો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આની જવાબદારી ઉપાડી લીધી. એ સમયના કુશળ શિલ્પીઓની સાથોસાથ ગ્રેસ્ટન બેટલી જેવા આધુનિક સ્થાપત્ય વિજ્ઞાનના ઉત્તમ જાણકારો તેમજ ભાઈશંકર ગૌરીશંકર, પ્રભાશંકર ઓઘડભાઈ, જગન્નાથ અંબારામ અને દલછારામ ખુશાલદાસ જેવા શિલ્પીઓને લઈને આ તીર્થને પુનઃ જીવંત કરવામાં આવ્યું. અગિયાર વર્ષના જિર્ણોદ્ધાર પછી વિ. સં. ૨૦૦૯માં એની પુનઃ પ્રતિષ્ઠા યોજવામાં આવી.

આજે રાણકપુરની યાત્રાએ જનાર મૂછાળા મહાવીર (ઘાણેરાવ), નાડલાઈ, નાડોલ અને વરકાણાં જેવા તીર્થોની પંચતીર્થી કરે છે. વળી વિ.સં. ૧૯૫૩ના ફાગણસુદ પાંચમના દિવસે આ મંદિરની પુનઃપ્રતિષ્ઠાની પાવનસ્મૃતિમાં અહીં પ્રતિવર્ષ મેળો ભરાય છે.

આ અનુપમ જિનમંદિર સાથે કેટલીક આશ્ચર્યજનક બાબતો પણ સંકળાયેલી છે. આ તીર્થના રચયિતા મેવાડના મંત્રીશ્વર શ્રેષ્ઠિવર્ય ધરણાશાહ પોરવાલના વંશજો આજે પણ ચૌદમી પેઢીએ જિનાલય પર નવી ધજા ચડાવે છે. એ સમયે ચિત્તોડથી પૂજારી (ગોઠી) લાવવામાં આવ્યા હતા. આજે એના વારસો પૂજારી તરીકે સેવાપૂજા કરે છે અને એ સમયે મંદિરની સુરક્ષા કરનાર ચોકીદારની પણ આજે ચૌદમી પેઢી મળે છે. આમ સતત ચૌદ-ચૌદ પેઢીઓથી આ પરંપરા અસ્ખલિત વહેતી આવી છે.

જાણે નંદિશ્વર દ્વીપનો અવતાર હોય એવું આ તીર્થ જૈનધર્મની આરાધના-ભક્તિનું ઉત્કૃષ્ટ શિખર છે. મંત્રીશ્વર ધરણાશાહની ભાવના, શિલ્પી દેપાની નિષ્ઠા અને શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈની વિચક્ષણ બુદ્ધિનું તીર્થદર્શને સ્મરણ થાય છે. પ્રબળ ધર્મભાવના ધરાવનારને માટે આ આરાધનાનું ઉત્કૃષ્ટ સ્થળ છે. કલામર્મજ્ઞને માટે અત્યંત ઝીણવટભરી કોતરણી અને સૌંદર્યની સમૃદ્ધથી ખચિત એવું આ તીર્થ છે. ઈતિહાસવિદ્‌ને માટે રાજસ્થાન અને ભારતના ઈતિહાસની ધર્મ-કર્મની ગૌરવગાથા છે, તો વિદેશી પ્રવાસીઓને માટે શિલ્પમાં સર્જેલા અનુપમ કલાસૌંદર્યનો આ અસબાબ છે અને કુશળ સ્થાપત્ય-રચના અને સૂક્ષ્મ કોતરણીને કારણે ભારતીય મંદિર-સ્થાપત્યનું એક અનન્ય સર્જન છે.

– **પ્રબુધ્ધ જીવન**માંથી સાભાર


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## અરિહંત બેંક અને કે.ડી.ઓ. સી.એ. એસોસીએશન દ્વારા જી.એસ.ટી. વિશે માહિતીપ્રદ સેમિનાર





શ્રી અરિહંત કો-ઓ. બેંક લિ. અને કે.ડી.ઓ. સી.એ. એસોસીએશન દ્વારા શનિવાર તા. ૨૨/૧૦/૨૦૧૬ ના સોમૈયા કોલેજના સભાગૃહમાં જ્ઞાતિજનો માટે જી.એસ.ટી. વિશે માહિતી આપતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સીએ કમલેશ વિકમસીની અધ્યક્ષતામાં યોજાયેલ આ સેમિનારમાં સી.એ. રાજીવ લુથરા અને સી.એ. સુનિલ ઘાભાવાલાએ જી.એસ.ટી. વિશે મુદાસર માહિતી આપી હતી.

વક્તાઓનો પરિચય સી.એ. હિતેશ ધરમશી અને સી.એ. ખુશબુ મૈશેરીએ આપ્યો હતો. અરિહંત બેંકવતી ચેરમેન શ્રી હીરાચંદ દંડે આવકાર વિધિ, ડાયરેક્ટરો હંસકુમાર છેડા અને ડોલર શાહે આભાર વિધિ કરી હતી. વાઈસ ચેરમેન મુકેશ મૈશેરી અને ડાયરેક્ટર શ્રીમતી જલ્પા લોડાયાએ બેંકની પ્રવૃતિ વિશે માહિતી આપી હતી.

## કે. ડી. ઓ. ક્લાસિકની વાર્ષિક સભા

કે.ડી.ઓ. ક્લાસિકની વાર્ષિક સભા તા. ૧૬/૧૦/૨૦૧૬ના મુલુંડના સેરેમોનિયલ હૉલમાં યોજાઈ હતી. પ્રેસીડન્ટ એડ. મીનલબેન ખોનાએ સૌને આવકાર આપ્યો. સભાનું સંચાલન સેક્રેટરી કપિલ લોડાયાએ કર્યું હતું. રાજેશભાઈ શાહે સંસ્થાની મુંબઈ અને કચ્છમાંની શૈક્ષણિક - તબીબી પ્રવૃત્તિઓની ઝલક આપી હતી. આભારવિધિ સેક્રેટરી શ્રીમતી ચંદ્રિકા લોડાયાએ કરી હતી. ખજાનચી ચાંપશીભાઈ હેફાએ હીસાબો રજુ કર્યા હતા.

વિશેષ સિધ્ધિ મેળવનાર અને તપશ્ચર્યા કરનારા સભ્યોનું સન્માન કરવામાં ૩ ફોટા આવ્યું હતું. સભા પછી પરંપરાગત વેશભૂષામાં આવેલા સભ્યોએ દાંડિયા અને મટુકડીની રમઝટ સાથે શરદપૂર્ણિમા ઉજવી હતી.

આયોજનને સફળ બનાવવા મુકેશ મૈશેરી, કપિલ લોડાયા, શ્રીમતી સરસ્વતિ લાપસીયા અને શ્રીમતી ચંદ્રિકા લોડાયાએ જહેમત લીધી હતી.

## એક આદર્શ જ્ઞાતિ સેવક
## શ્રી ઉત્તમચંદ લક્ષ્મીચંદ માડણ લોડાયા



ઉત્તમભાઈ લક્ષ્મીચંદ લોડાયા (વડાલા, મુંબઈ. ગામઃ સાંયરા કચ્છ) જ્ઞાતિની અનેકવિધ સંસ્થાઓમાં સેવા આપનારા મૂક સેવક હતા. તેમનો જન્મ ઈ.સ. ૧૯૩૮માં માતુશ્રી બાયાબાઈ લક્ષ્મીચંદ લોડાયાના કુખે કચ્છ જખૌમાં થયેલ. મેટ્રીક સુધી અભ્યાસ કર્યા બાદ મુંબઈની પ્રતિષ્ઠિત રૂઈયા કોલેજમાંથી **BSC** 1st Class ડીસ્ટીંકશન સાથે ડીગ્રી પ્રાપ્ત કરી. કોલેજ કાળ દરમ્યાન તેઓ વિદ્યાર્થી સંઘ સાથે સંકળાયેલા હતા. ઘણા વર્ષ સુધી કમીટીમાં ખજાનચી/ઉપપ્રમુખ તરીકે સેવા આપેલ. જીવન દરમ્યાન તેમણે જયંત ઓઈલ મીલ જામનગર, બરોડા રયોન, કામાણી એન્જીનીયરીંગ તથા વસંત પ્રોસેસ જેવી માતબર કંપનીમાં ઉચ્ચપદે સેવા આપેલ.

સમગ્ર જીવનમાં તેઓ મુંબઈ મહાજનની કારોબારી, મહિલા ગૃહ ઉદ્યોગ, વસ્તીપત્રક સમીતી, જ્ઞાતિના બન્ને સંમેલન વગેરેમાં ખૂબજ કાર્યરત રહી નામના મેળવેલ. આ ઉપરાંત વડાલામાં પાંચ સનીષ્ટ મિત્રો સાથે કાઉનહીલ નામે ગ્રુપ રચી સમાજ સેવા કરતા હતા. મુખ્યત્વે અનાજ વિતરણ, ધાર્મિક પ્રવાસો (ન નફો ન નુકસાન)ના ધોરણે સતત ૨૫ વર્ષ સમગ્ર ભારતના પ્રવાસ આયોજેલ.

શ્રી વડાલા દેરાસરમાં તેમણે ટ્રસ્ટીપદે સેવા આપેલ.

આઝાદ નગરના ભાઙુત મંડળમાં તેઓ વર્ષોથી સેવા આપતા અને આઝાદનગરનું રીડેવલપમેન્ટ શરૂ કરાવવામાં તેમનો મહત્વનો ફાળો હતો.

## સાંધવ નગરે કોટડાના મુમુક્ષુ
## કુ. હેતલબેન લહેરચંદ ગાલાની દીક્ષા



કોટડાના મુમુક્ષુ કુ. હેતલબેન લહેરચંદ ગાલાની દીક્ષા સાંધવ નગરે પ.પૂ. ગણીવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા. ના હસ્તે રવિવાર તા. ૨૭/૧૧/૨૦૧૬ના નિર્ધારી છે. દીક્ષા મહોત્સવનો પ્રારંભ શુક્રવાર તા. ૨૫/૧૧/૨૦૧૬ના થશે.

દીક્ષા મહોત્સવની વ્યવસ્થાની જવાબદારી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ અને શ્રી કોટડા (રોહા) જૈન મહાજન તેમજ સહયોગી દાતા પરિવારો અ. સાહ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા, અ. સાહ. સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ, સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન તથા અ.સાહ. રસીલાબેન માણેકજી મેઘજી લોડાયાએ સ્વીકારી છે.

# ચાન્સ !

- ડૉ. આઈ. કે. વીજળીવાળા



એક યુવતી ઉદાસ ચહેરે પોતાના ડ્રોઈંગરૂમમાં બેઠી હતી. એની આંખોમાં ગ્લાનિ ભરી હતી. એને જોતાં જ લાગતું હતું કે એ ખૂબ જ ઊંડા વિચારોમાં ડૂબેલી હતી. એ દિવસે એની લગ્નની વર્ષગાંઠ-એનિવર્સરી હતી. એ દિવસે પણ એનો પતિ વહેલી સવારે જ કામે જવા નીકળી ગયો હતો. એમનાં લગ્નને હજુ ચાર જ વરસ થયાં હતાં. એને એ વાતનું દુઃખ લાગતું હતું કે ખાલી ચાર જ વરસમાં એનો પતિ એમના લગ્નની તારીખ ભૂલી ગયો હતો. આટલાં વરસમાં જ પરિસ્થિતિ કેવી બદલાઈ ગઈ હતી એ યાદ કરતાં એનાથી નિસાસો નંખાઈ ગયો.

એ ઊભી થઈ. બારી પાસે જઈને બહાર જોયું. આકાશમાં વાદળ ગોરંભાઈ રહ્યાં હતાં. કોઈ પણ ક્ષણે ધોધમાર વરસાદ પડશે એવું લાગતું હતું. લગ્નના પ્રથમ ત્રણ વરસ વરસાદની ઋતુમાં બંને જણ કેવી મજા કરતાં એ એને યાદ આવી ગયું. બંને એકબીજામાં ગૂંથાઈને રહેતાં અને એકબીજાની નાની-નાની ખુશીનો કેટલો ખ્યાલ રાખતા એ નજર સામે તરવરવા લાગ્યું. છેલ્લા એક વરસથી બંનેના સંબંધમાં કાંઈક અજબ કડવાશ ફેલાઈ ગઈ હતી. બંને વચ્ચે નાની નાની બાબતોમાં ઝઘડા થવા લાગ્યા હતા. એકબીજા સાથે રિસાવું, એકબીજાને ગમે તેમ બોલી દેવું, અપમાન કરી નાખવું વગેરે જાણે કે રોજિંદી ઘટના બની ગઈ હતી.

એનિવર્સરીનો દિવસ હતો પણ એ અત્યંત ઉદાસ હતી. ચાર જ વરસમાં એમની જિંદગીએ લીધેલા વળાંકના વિચારોએ એને હચમચાવી મૂકી હતી. એની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી. જૂના દિવસોને યાદ કરતાં એને થતું હતું કે કાશ ! એના પતિને એમની આજે એનિવર્સરી છે એ યાદ આવી જાય અને એ અત્યારે, આ જ ક્ષણે પાછો આવી જાય તો કેવું સારું ?... બરાબર એ જ ક્ષણે એના ઘરની ડોરબેલ વાગી. એને આ ચમત્કાર જેવું લાગ્યું. એણે બારણું ખોલ્યું. એના આશ્ચર્યનો પાર ન રહ્યો. ત્યાં એનો પતિ જ ઊભો હતો ! બે ઘડી તો એ માની જ નહોતી શકતી કે જે એ જોઈ રહી હતી એ સાચું હતું ! બારણામાં ખરેખર એનો પતિ ઊભો હતો ! આખી ઘટના બની જ એવી રીતે હતી કે એને હજુ એ ચમત્કાર જેવી જ લાગતી હતી. એને નવાઈમાં ડૂબી ગયેલી અને એકદમ પૂતળાની માફક ઊભેલી જોતાં એનો પતિ બોલ્યો, 'ઓ ! માય ડિયર ! અરે વહાલી ! મને તારે માફ કરી દેવો પડશે. હું સાવ ભૂલી ગયો હતો કે આજે આપણી એનિવર્સરી છે ! યાદ આવતાં જ હું ઉતાવળે ભાગ્યો છું એટલે તારા માટે ફૂલો કે ગિફ્ટ લાવવાનું શક્ય ન બન્યું. પરંતુ મારી પાસે એક સરસ પ્લાન છે. આપણે હમણાં જ કોઈ સારી હોટેલમાં જઈશું. ત્યાં શેમ્પેઈન અને બેસ્ટ કેક સાથે આપણે બે જણ પહેલાંની માફક જ એનિવર્સરી ઊજવશું ! બધું જ ભૂલીને ! બોલ, તું શું કહે છે ?'

આનંદથી ઘેલી થઈ ગયેલી પેલી યુવતી હજુ તો કાંઈ જવાબ આપે એ પહેલાં જ ફોનની ઘંટડી વાગી. એ યુવતીએ ડ્રોઈંગરૂમના કોર્નર પાસે જઈને રિસીવર ઉપાડીને 'હેલો !' કહ્યું.

*તારું કશું ન હોય તો છોડીને આવ તું ; તારું જ બધું હોય તો છોડી બતાવ તું !*
*અજવાળું જેના ઓરડે તારા જ નામનું ; હું એ જ ઘર છું એ જ ભલે ને આવ તું.*

'મેમ!' સામે છેડેથી અવાજ આવ્યો, 'હું નજીકના પોલીસ સ્ટેશનથી બોલું છું. શું આપ મિસિસ ફલાણા બોલો છો ? મિસ્ટર ફલાણાંના પત્ની ?'

'હા, હું એ જ બોલું છું. બોલો, શું કામ હતું ?' એ યુવતીએ જવાબ આપતાં પૂછ્યું.

'મેમ! સૉરી ટુ સે! તમને જણાવતાં દિલગીરી થાય છે કે તમારા પતિનું જો આ જ નામ હોય તો એ આજે એક કલાક પહેલાં મૃત્યુ પામ્યા છે. ટ્રેન નીચે કપાઈ જવાને કારણે એમનું કરુણ મોત થયું છે. આ તો એમના ખિસ્સામાંથી મળેલા પાકીટના આધારે અમે તમારો નંબર તેમજ સરનામાની ભાળ મેળવી શક્યા છીએ. મારે તમને અહીં આવવા વિનંતી કરવાની છે, કારણ કે તમે મૃતદેહની ઓળખવિધિ કરશો એ પછી જ અમે પંચનામાની કાર્યવાહી પૂરી કરી શકીશું અને લાશને પોસ્ટમૉર્ટમ માટે મોકલી શકીશું. હું જાણું છું કે આ સમાચારથી તમારી દશા શું થઈ હશે. એટલે તમે અહીં આવી શકો તેમ છો કે હું જીપ મોકલું ? પરંતુ તમે જેમ બને તેમ જલદી આવી જશો તો સારું રહેશે!' પોલીસ અધિકારીએ કહ્યું.

'પરંતુ...! પરંતુ... મારા પતિ તો અહીંયા છે. મારી સાથે! મારા ઘરમાં જ છે! તો એમનું મૃત્યુ કઈ રીતે શક્ય બને ?' થોડુંક થોથવાતા અને થડકારો અનુભવતાં એ યુવતી બોલી.

'સૉરી મેમ! હું તમારા મનની પરિસ્થિતિ સમજી શકું છું!' પોલીસ અધિકારી બોલ્યા, 'તમે જે કહો તે! પરંતુ તમારે પોલિસ-સ્ટેશન તો આવવું જ પડશે, કારણ કે એમની લાશ અત્યારે મારી સામે પડી છે. એટલે તમે કહો છો એ કઈ રીતે શક્ય બન્યું એ હું તમને સમજાવી શકું તેમ નથી. પરંતુ જેમ બને તેમ જલદી તમે અહીં આવી જાવ તો સારું. નહીંતર કોઈને ત્યાં મોકલવાની મને ફરજ પડશે!' એટલું કહી પોતે કયા પોલિસ-સ્ટેશનથી બોલે છે એ જણાવીને એ અધિકારીએ ફોન મૂકી દીધો.

યુવતીનું મન સુન્ન થઈ ગયું. એણે પાછા ફરીને દરવાજા તરફ નજર કરી. એનો પતિ ત્યાં નહોતો! 'તો પછી શું એનો આત્મા મને મળવા આવ્યો હશે ?' એના મનમાં ધાસ્કો પડ્યો. પોતે એકધારા એના વિચારો કરતી હતી એટલે કદાચ એનો આત્મા ખેંચાઈને આવી પહોંચ્યો હોય એવું બની શકે ? એ આગળ કાંઈ પણ વિચારી ન શકી. એને ડૂમો ભરાઈ આવ્યો. એ ત્યાં જ ઢગલો થઈ ગઈ. મૃત વ્યક્તિના આત્માઓ પોતાના પ્રિયજનને મળવા આવ્યા હોય એવા ઘણા કિસ્સાઓ એણે છાપામાં તેમજ મેગેઝિનમાં વાંચ્યા હતા. પરંતુ ખરેખર એવું બન્યું હશે ? વાસ્તવિક દુનિયામાં એવું બનતું હશે ? એવું વિચારતાં એનાથી જોરથી રડી પડાયું.

રડતાં રડતાં એને થયું કે શું પોતાના પતિને જીવતો જોવાનો કે મળવાનો એને એક પણ ચાન્સ – એક પણ તક નહીં મળે ? એને રાડો પાડીને ઈશ્વરને કહેવાનું મન થઈ આવ્યું કે જો હવે માત્ર એક જ તક એ આપે તો પોતે ક્ષુલ્લક અને નાની નાની વાતોમાં એની સાથે ક્યારેય ઝઘડો નહીં કરે. અરે! એની બધી ભૂલોને એ માફ કરી દેશે. જો ભગવાન એને એક મોકો આપે તો એ પોતાના પતિને માત્ર ને માત્ર પ્રેમ જ કરશે. એ કેટલો પ્રેમાળ હતો એનો એને અત્યારે ખ્યાલ આવતો હતો. પરંતુ પોતે મૂરખીએ એની આવી ખૂબીઓ જોવાને બદલે ખામીઓ જોવાનું કામ જ કર્યું હતું. એટલે જ નાના નાના ઝઘડાઓએ એમની જિંદગી કડવી બનાવી દીધી હતી. એણે મનોમન કહ્યું કે જો ઈશ્વર એને હવે જિંદગી નવેસરથી જીવવાનો એક જ ચાન્સ આપે તો પોતાના પતિની સાથે અદ્‌ભુત જિંદગી જીવવાનો પ્રયાસ કરશે અને જૂની એક પણ ભૂલનું પુનરાવર્તન નહીં થવા દે! આંસુભરી આંખે એણે આકાશ સામે જોયું. ભગવાનને આજીજી કરતાં કહ્યું, 'હે ભગવાન!

**(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)**

*પહેર્યું છે એય તું જ છે ઓઢ્યું છે એય તું ; મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.*
*સાકરની જેમ ઓગળી જઈશ હુંય પણ ; છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.*

# મારા સંબંધસરોવરનાં મોતી !

- ચંદુભાઈ મટાણી



સામાન્યતઃ મોતી સાગરમાં પાકે, પરંતુ સંબંધના સરોવરમાં પાકેલાં મોતી સાગર માંહ્યલા મોતીથી ક્યાંય અમૂલ્ય છે. કલાકારો સાથેના મારા સંબંધો વિશે લખવાનું મને આમંત્રણ મળ્યું અને આપોઆપ મારા જીવનનાં પાનાં ખૂલવાં લાગ્યાં અને એક પછી એક કલાકારો સાથેના સંબંધોની યાદો ઊભરાવા લાગી. આ યાદોની વણજાર શરૂ થાય છે મારા વતન કચ્છથી અને ત્યાંથી આગળ વધી સેન્ટ્રલ આફ્રિકા અને ઈંગ્લૅન્ડ સુધી. છ-છ દાયકાઓનાં સંભારણાં લખવા કદાચ સહેલાં હશે, પરંતુ લાગણીઓના વરસાદમાં તેને વ્યવસ્થિત પ્રસ્તુત કરવાનો મારો નમ્ર પ્રયત્ન છે. શરૂઆત થાય છે મારા જન્મસ્થળ કચ્છમાં આવેલા માંડવી ગામથી. આ જાજરમાન ગામે મને પંપાળ્યો, થાબડ્યો અને મારી અંદરની અવ્યક્ત સંગીતભાવનાને વિકસવા અનુકૂળ વાતાવરણ આપ્યું. દસ-અગિયાર વર્ષની ઉંમરે શાળાના વાર્ષિક સમારંભોમાં ગીતો ગાવાથી મારી સંગીતયાત્રા શરૂ થઈ. તે વખતે માંડવીમાં કુલ્લે બે ટૉકીઝો (સિનેમાગૃહો) અને ત્યાં ફિલ્મો શરૂ થાય તે પહેલાં વાગતાં પંકજ મલિક, સાયગલ, ખુરશીદ, નૂરજહાં તેમજ સુરૈયાના કંઠે ગવાયેલાં ગીતો મારી કિશોર અવસ્થા અને યુવાવસ્થાનાં રોમાંચક સંભારણાં અને સંગીતની દુનિયામાં પ્રવેશવાનાં દ્વાર બન્યાં. ગ્રામોફોન અને રેડિયો પરથી પ્રસારિત થતાં ભજનો, ગરબા અને લોકગીતોએ મારી સંગીત તરફની રુચિ કેળવવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો. તેમાં વળી મારા સંગીત-શોખીન મોટા ભાઈ એમનાં બે હાર્મોનિયમ આફ્રિકા ગયા ત્યારે ઘરે મૂકતા ગયા હતા. હાઈસ્કૂલનાં આ વર્ષો દરમ્યાન સાંભળેલાં ગીતો-ભજનોને હાર્મોનિયમ પર અખતરા કરતાં કરતાં સારી ફાવટ આવવા લાગી. અમારા ગામમાં એક સંગીત ક્લબ હતી. ત્યાં પણ રાત્રે નિયમિત જતો અમે ત્યાં આવતા શહેરના શાસ્ત્રીય સંગીતના શોખીનો પાસેથી વિવિધ બંદિશો અને રાગો પ્રતિ ઊંડી અભિરુચિ કેળવાતી ગઈ.

અહીંથી જ મારા કલાકારો સાથેના સંબંધોની શરૂઆત થઈ. કચ્છમાં મુંદ્રા-માંડવીમાં લંગા કોમના કલાકારો લોકવાદ્યો વગાડવામાં કુશળ. તેમાંય પીનુ ઉસ્તાદ અને હારૂન ઉસ્તાદની જોડી જ્યારે વરઘોડાની આગળ શહેનાઈ અને ઢોલની રમઝટ બોલાવે ત્યારે સંગીતમાં અભિરુચિ ન રાખનાર પણ ડોલી ઊઠે. ખાસ કરીને મુંબઈથી મહેમાન આવ્યા હોય અને તેમાંય જો સંગીતપ્રેમી હોય તો ગોર ઊતરતી જાય અને વરઘોડો આગળ વધતો જાય. પીનુ ઉસ્તાદ તબલાં-ઢોલના ખાંસાહેબ ગણાય. સંગીતની ક્લબમાં ચા, બીડી અને ગોલ્ડ ફ્લેકની લિજ્જત લેતાં-લેતાં આ લોકોને માણ્યા. આજે મને એમ થાય છે કે આવા કચ્છી કલાકારો હયાત હોત તો સરકાર તરફથી તેઓ ગૌરવ પુરસ્કારને યોગ્ય ઠર્યા હોત. કેસેટ અને કોમ્પેક્ટ ડિસ્કમાં તેઓ જીવંત રહ્યા હોત, પરંતુ ઘણા કલાકારોના જીવનમાં બને છે તેમ આ લોકોને નસીબે સૂકો રોટલો જ હતો. તેઓએ પેઢી પરંપરાથી ચાલી આવતી કલાને જિવાડી, પોતે લુપ્ત થઈ ગયા.

*મિસ્કીન સાત દરિયા કરી પાર એ મળે,*
*એ રેખા હથેળીમાં નથી, તો પડાવ તું.*
*- રાજેશ વ્યાસ (મિસ્કીન)*

૧૯૫૩માં મેં જન્મભૂમિ છોડી અને આફ્રિકાના નોર્ધર્ન રોડેશિયા - જે હાલ ઝાંબિયા તરીકે ઓળખાય છે ત્યાં સ્થાયી થયો. ૧૪-૧૫ વર્ષ પછી ૧૯૬૮માં માંડવી જવાનું થયું ત્યારે એક સ્નેહીના દીકરાના લગ્નપ્રસંગે કચ્છના ગૌરવસમા ઉસ્તાદ સુલેમાન જુમા સાથે મુલાકાત થઈ. સંગીત ક્લબમાં નોબત ઉપર શાસ્ત્રીય ગત તોડાને ગજબની કુશળતાથી રજૂ કર્યા. તે દિવસે ટેપ કરી લીધેલા એમના એ સંગીતને હજુય ક્યારેક સાંભળું છું ત્યારે તે રાત, તેમની નિખાલસ વાતો, તેમના ફૅસ્ટિવલ ઑફ ઈન્ડિયાના મુંબઈ-દિલ્હીના કાર્યક્રમોના અનુભવોની વાતો સ્મરણપટ પર તાજી થાય છે અને આ એક રાતનો નિર્મળ સંબંધ હજુય મારા દિલોદિમાગમાંથી ખસતો નથી.

૧૯૭૭માં હું મારા કુટુંબ સાથે યુ.કે.માં લેસ્ટરમાં સ્થાયી થયો. સ્વાભાવિક રીતે જ ત્યારે મારે કોઈ સાહિત્ય કે સંગીતમાં રસ ધરાવતી વ્યક્તિઓ સાથે પરિચય નહોતો. આ ખાલીપો નિવારવા જાણે ભગવાને શ્રી પુરુષોત્તમભાઈને ઈંગ્લૅન્ડ મોકલ્યા. ફરી અહીં પણ સંબંધોનાં મોતીની ઘટમાળ ગૂંથાવા લાગી અને મને મળ્યા વિનુભાઈ વડગામા. વિનુભાઈ અને શકુબહેનની સંગીતપ્રેમી જોડી સાથેની મિત્રતા ક્યારે આત્મીયતામાં ફેરવાઈ તેની જાણયે ન થઈ. એમને ઘરે ગોઠવાતી સંગીતની મહેફિલોમાં ફરી નવા કલાકારો સાથેના સંબંધોની રફ્તાર શરૂ થઈ અને ત્યાં જ મને શ્રી અનુપ જલોટાનો પ્રથમ પરિચય થયો. હંમેશ બને છે તેમ એ પરિચય આત્મીયતામાં ક્યારે ફેરવાયો તે ખબરેય ન પડી. કલાકાર તરીકે તો હું અનુપજીનો ખૂબ આદર કરું છું. એક વ્યક્તિ તરીકે પણ તેઓનું નિરભિમાનપણું, મૃદુતા, સરળતા અને નિખાલસતા તેમની સજ્જનતાને વધુ ગૌરવ આપે છે અને તેમના વિશેના અભિપ્રાયો, મારા તેમની સાથેના અંગત સંબંધોમાંથી પરિપક્વ થઈને બંધાયા છે. જીવનના મુશ્કેલ સમયે અમને - મારા કુટુંબને એમની એકદમ નજીક લાવી દીધા.

સંબંધોની માળામાં વધુ એક મોતીનો ઉમેરો ફરી શ્રી પુરુષોત્તમભાઈ થકી જ થયો. ઈચ્છુભાઈ પરમાર સાથે એમણે મારો પરિચય કરાવ્યો અને એ સંબંધમાંથી જન્મ્યો બીજો એક સંબંધ જેને મેં સ્વપ્ને પણ ધાર્યો નહોતો. ફિલ્મી સંગીતક્ષેત્રે મારે માટે તો આ લતા મંગેશકર જીવંત દંતકથા સમાન હતાં. લાગ મળે ત્યાં ઘૂસી જઈ મેં ભૂતકાળમાં આ સ્વરકિન્નરીના ફોટાઓ લીધા હતા, ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તેઓ સાથે પણ નિકટના સંબંધો થશે! હજુયે એ દિવસ મને યથાવત્ યાદ છે જ્યારે ‘સોનારૂપા’ મારી સ્વતંત્ર દુકાન શરૂ કરી ત્યાર પછી પંદરેક દિવસ રહીને લતાબહેન લેસ્ટર આવ્યાં હતાં. મારા સાનંદાશ્ચર્ય વચ્ચે તેઓ મારી દુકાનમાં શ્વેત સાડી પરિધાન કરી, હાથમાં ચાંદીની થાળીમાં સાકરથી ભરેલી બે કટોરી લઈને જ્યારે પ્રવેશ્યાં ત્યારે સાક્ષાત્ ભગવતી સરસ્વતીદેવી સદેહે આવ્યાંનો મને રોમાંચ થયો. જાણે ભગવાન પાસે ખોબો માગ્યો અને દરિયો આપ્યો! ભાઈ શ્રી સુરેશભાઈ દલાલ રચિત શ્રીનાથજીનાં પદોની અમારી કૅસેટ/સી.ડી.માં એમના કર્ણપ્રિય અને મંગલ શ્લોકોએ એક અદ્‌ભુત દિવ્યતા બક્ષી છે. એમની સાથેના સંબંધમાં મને શાંત, સૌમ્ય આત્મીયતા મળી છે. જે મારા ખજાનાની શોભા છે.

એ જ રીતે સંગીતના અને ફિલ્મીક્ષેત્રે સફળતાનાં સોપાન સર કરનાર બંધુજોડી કલ્યાણજીભાઈ અને આણંદજીભાઈ ૧૯૬૮માં માંડવી આવ્યા હતા ત્યારથી પરિચય ખરો, પરંતુ આ પરિચય વધુ વિકસ્યો એંસીના દાયકામાં યુ.કે. એમના શૉ માટે આવતા ગયા ત્યારથી. એક વખત શ્રી અમિતાભ બચ્ચન સાથે યુ.કે.માં શૉ કરવા આવ્યા હતા. અમિતાભજી સીધા બર્મિંગહામ ગયા અને આ બંને ભાઈઓ બર્મિંગહામ જતાં રસ્તે લેસ્ટર મારે ત્યાં એમના આખા ગ્રુપ સાથે આવ્યા હતા. તે દિવસે સંગીતની કોઈ મહેફિલ નહોતી ગોઠવી, તોય યાદગાર બની ગયો,

*વૃક્ષને તાજા પવનનો કેફ છે,*
*પથ્થરો પર કંઈ અસર થાતી નથી,*
*એ ઋતુના ચકથી વાકેફ છે.*

કારણ એમના રસાલામાં હતા - મનહર ઉધાસ, સુરેશ વાડકર, અલકા યાજ્ઞિક, સાધના સરગમ અને હેમલતા.

હસતાં-હસતાં એમણે કેટલી મોટી વાત કહી દીધી! આ બંધુ-બેલડી સાથે સંગીત ઉપરાંત પણ કચ્છીમાડું તરીકેનો સંબંધ અદકેરો છે. તેઓ સિનેક્ષેત્રમાં પ્રવર્તતાં અનેક દૂષણો વચ્ચે પણ એક ઋષિની માફક જીવ્યા છે. આણંદજીભાઈએ પણ આત્મીયતા લૂંટાવામાં ક્યાંય કચાશ રાખી નથી. તે રાત યાદ છે, જ્યારે રાતના ૧૨ વાગ્યે તેમને ત્યાં પહોંચ્યો ત્યારે શાંતાભાભીએ ગરમાગરમ રોટલી ઉતારી મને જમાડ્યો. પોતાની માની જેમ પ્રેમ એમણે આપ્યો છે અને આપતાં રહ્યાં છે, તેને શબ્દોમાં કદાચ વર્ણવીશ તો એમના પ્રેમને અન્યાય થઈ જાય તેવો ભય છે.

કલ્યાણજીભાઈ દ્વારા પણ મને કેટલાય કલાકારો સાથે સંબંધ બાંધવાના લહાવા મળ્યા છે. ૧૯૮૪માં બીબીસી લેસ્ટર એશિયન સોંગ કોન્ટેસ્ટ આયોજતું હતું તે જ સમયે મારે ભારત જવાનું થયું ત્યારે મને એક કામ સોંપવામાં આવ્યું. એ લોકોને એક એવા કલાકારની જરૂર હતી જે ઈંગ્લિશ બોલી શકે અને ભારતીય ભાષામાં ગીતો પણ ગાઈ શકે. મેં મુંબઈ પહોંચી કલ્યાણજીભાઈને વાત કરી. તે સમયે હજુ લોકપ્રિય થયા ન હતા તેવા હરિહરનનો મને પરિચય કરાવ્યો. આજે તો લોકપ્રિયતાના શિખરે તેઓ બેઠા છે, તેઓએ એ સમયે સોંગ કોન્ટેસ્ટનું કામ ખૂબ જ કુશળતાપૂર્વક અને સફળતાથી પાર પાડ્યું. અજાણ્યા કુટુંબમાં કઈ રીતે સરળતાથી એકરસ થઈ ભળી જવું તેનું દૃષ્ટાંત હરિહરને અમારે ત્યાં પાંચ-છ અઠવાડિયાં રહ્યા તે દરમ્યાન પૂરું પાડ્યું. રોજ નવીનવી બંદિશો, મારો પુત્ર હેમંત તેમની સાથે તબલાં પર સંગત કરે. આ બધું ખૂબ જ સહજતાથી કરે. ક્યાંય આડંબર ન લાગે. પાનના શોખીન એટલે લેસ્ટર આવે ત્યારે હજુ પણ મારા મિત્ર પંડ્યાને ત્યાં પાનની દુકાને ઊભા રહી એ જ સરળતાથી ગપ્પાં મારે અને પાન ખાય!

૧૯૮૩માં પંડિત હરિપ્રસાદ ચોરસિયા અને ઉસ્તાદ ઝાકીર હુસેનના હસ્તે દીપ પ્રગટાવી લેસ્ટરમાં શ્રુતિ આર્ટ્સની શરૂઆત અને આ કલાકારો સાથે ઈન્ફોર્મલ સંબંધોનાં ઊઘડતા દ્વાર. ત્યાર પછી તો ઘણા કલાકારો સાથે થોડા કલાકો, થોડા દિવસોના સંબંધો બંધાતા ગયા. જેમના જીવનમાં એમની કલાની ભીતરમાં ડોકિયું કરવાની તક મળી એવા કલાકારો છે ઉસ્તાદ બિસ્મિલ્લાખાન, પંડિત જશરાજજી, પંડિત રાજનસાજન મિશ્રા, પંડિત અજય ચક્રવર્તી, બુદ્ધદિત્ય મુખરજી, પંડિત શિવકુમાર શર્મા, બિરજુ મહારાજ, ઉસ્તાદ અમજદ અલીખાન, શોભા ગુર્તુ, રોનુ મજુમદાર વગેરેમાંથી કેટલાક સાથે પ્રોગ્રામ પૂરતા તો કેટલાક સાથે નિકટનાં સંબંધો ઊઘડ્યા.

પાકિસ્તાનના સ્વર્ગીય ઉસ્તાદ નુસરત ફતેહઅલીખાને લેસ્ટરમાં પૂ. મોરારીબાપુની કથા પછી સાંજના કાર્યક્રમમાં જે અદ્‌ભુત રીતે કવાલી અને ભક્તિનો સુમેળ કરતી મિશ્ર દરબારી બંદિશ, 'સાંસો કી માલા સે સીમરું મેં પિયા કા નામ' શ્રોતાઓની સંવેદનાને કેવી સ્પર્શી ગઈ, તેનો હું સાક્ષી છું. સંગીતને ધર્મોનાં બંધનો નથી તેનો મને તે દિવસે પ્રત્યક્ષ અનુભવ થયો.

આમ તો સંબંધના મારા સરોવરને ઉલેચવા બેસું તો કંઈકેટલાય કલાકારો, સાહિત્યકારો, કવિઓ, લેખકો છે, જેનો પાર ન આવે. એટલે અંતે એક ખાસ નાટ્ય કલાકારના સંબંધની વાત કરી વિદાય લઈશ. INTનાં નાટકો જોવાનો હું રસિયો - તેમાંથી પરિચય થયો ગુજરાતી રંગભૂમિની સર્વોપરી અભિનેત્રી સરિતા જોશીનો. અભિનયમાં તેઓને કોઈ બંધન નડ્યાં નથી, એવા એમના સાહિત્યના જ્ઞાનનો

*લો, ત્વચા રાતી થઈ ગુલમોરની,*
*ફૂલ વચમાં ડાળ પર એવાં લચે,*
*પંક્તિ જાણે તરવરે ટાગોરની!*

પરિચય મને એક વાર તેઓ લેસ્ટર આવ્યાં હતાં ત્યારે થયો. ત્યારે તેઓ તેમનાં પુત્રી કેતકી દવે, જમાઈ રસિક દવે અને દોહિત્રી સાથે હતાં. અમે શેક્સપિયરનું જન્મસ્થળ Stratford upon Avon ની મુલાકાતે ગયાં ત્યારે શેક્સપિયર વિશેના તેમના જ્ઞાને મને પ્રથમ વાર શેક્સપિયરનો પરિચય કરાવ્યો. જ્ઞાન અને પ્રેમની જીવંત મૂર્તિ એટલે સરિતા બહેન. એમણે મારી જીવનસાથી કુમુદને માંદગી દરમ્યાન જે કાવ્ય ભેટ આપ્યું, તેમાં તેમનો સમગ્ર સ્વભાવ પ્રતિબિંબિત થાય છે:

સખા તમે, આંખ્યું ઉદાસ કેમ રાખી!
આંખ્યું ઉદાસ કેમ રાખી! સખા તમે.
હજુ જિંદગી તો અરધી છે બાકી
સખા તમે, આંખ્યું ઉદાસ કેમ રાખી!

આંખે હો ચશ્માં ને સંધિવા પગમાં
મૂકતા હો કાપ તમે, તેલ ઘી ને ક્ષારમાં
ઉંમર વધે ને વધે તનનું વજન (૨)
સખા તોય, મનથી રેવાય...
સોળ-સત્તર-અઢારના સખા તમે.

થોડા યુવાન બની, થોડા નાદાન ફરી
શૈશવનો સ્વાદ લઈએ ચાખી - સખા તમે.

મારી પત્ની કુમુદની ભાષામાં કહીએ તો ભારત બહાર નીકળતો કલાકાર પછી તે નાનો હોય કે મોટો - ભારત બહાર ઘરનો ખૂણો શોધે છે, હૂંફ માટે તડપે છે અને તેને જ્યાંથી આ બંને વસ્તુ મળી જાય ત્યારે સંબંધોની સરવાણી ફૂટે છે અને તેમાંથી સર્જાય છે સંબંધોનું સરોવર.

* * *

---

## ચાન્સ! (અનુસંધાન પાના નં. ૧૮ થી ચાલુ)

મને એક ચાન્સ - એક તક આપ! હું હવે ખૂબ જ પ્રેમથી જિંદગી જીવવાની કોશિશ કરીશ! ફક્ત એક જ ચાન્સ! પ્રભુ હવે હું નવેસરથી શરૂઆત કરવા માગું છું. તને વચન આપું છું કે હું હવે કોઈ પણ વાંધાવચકા કે ઝઘડા વગરની જિંદગી જીવીશ!'.... પરંતુ એનું મન કહેતું હતું કે હવે બધું સમાપ્ત થઈ ગયું હતું. એને ખાતરી થઈ ગઈ હતી કે એવો કોઈ ચાન્સ - કોઈ તક હવે ક્યારેય નહીં મળે. એણે એ તક હંમેશ માટે ગુમાવી દીધી હતી. એને હવે કાંઈ કરતાં કાંઈ સૂઝતું નહોતું. રડતાં રડતાં જ એ ફર્શ પર લાંબી થઈ ગઈ.

બરાબર એ જ વખતે નીચેના બાથરૂમનું બારણું ખૂલવાનો અવાજ આવ્યો. રડવાનું બંધ કરીને એ યુવતી સફાળી બેઠી થઈ ગઈ. જોયું તો એનો પતિ બાથરૂમમાંથી બહાર આવી રહ્યો હતો. હજુ તો એ યુવતી કાંઈ કહે એ પહેલાં જ એ બોલ્યો, 'અરે હા, ડાર્લિંગ! હું તને એક વાત કહેવાનું ભૂલી ગયો! આજે એકાદ કલાક પહેલાં એક ખિસ્સાકાતરુએ મારું પાકીટ મારી લીધું. મને ખબર પડી એટલે હું એની પાછળ દોડ્યો, પરંતુ એ રેલવેટ્રેકની દીવાલ કૂદીને રેલવેના પાટા પર ભાગી ગયો એટલે હું એને પકડી ન શક્યો! સૉરી ડિયર! બાથરૂમ જવાની જલદીમાં તને આ વાત કરવાનું રહી ગયું હતું!'

પેલી યુવતી ફરીથી અવાચક અને પૂતળા જેવી બની ગઈ! બે ક્ષણ પછી એ ઊભી થઈ અને દોડીને પોતાના પતિને ભેટી પડી! એની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવાના શરૂ થઈ ગયા. પરંતુ હા! આ વખતે આનંદ અને હર્ષના કારણે એ આસુંઓ વહી રહ્યાં હતાં!

આપણે કેમ હંમેશાં એવા વહેમમાં જ જીવીએ છીએ કે જિંદગી આપણને નાની-મોટી ભૂલો સુધારવાનો બીજો ચાન્સ આપશે? નથી લાગતું કે આજથી જ એ કામ શરૂ કરી દેવું જોઈએ?

* * *

*ઝરણાં પંખી, વૃક્ષનો સમુદાય છે,*
*વ્હેવું, ઊડવું, કોળવું, મરજી મુજબ,*
*એટલો એક જ અહીં વ્યવસાય છે.*

## લગ્ન

ત્યાર પછી મિત્રાએ પુનઃ વિનંતી કરી પૂછ્યું - અને લગ્ન એટલે શું, ગુરુજી ?

ત્યારે તે બોલ્યા - તમે બંને સાથે જન્મ્યાં; અને સદાને માટે સાથે જ રહેશો. હિમ-શી મૃત્યુની પાંખો તમારો યોગ તોડી નાખે ત્યારેય તમે સાથે જ રહેવાનાં છો. સાચે જ, પરમેશ્વરની શાંત સ્મૃતિમાંય તમે સાથે જ રહેશો. તોયે, તમારા સહ-વાસમાં કોઈ ગાળા પાડજો.

અને તમારી વચ્ચે આકાશના વાયુઓને વિહરવા દેજો. તમે પરસ્પર ચાહકો ખરાં, પણ તમારા પ્રેમની બેડી ન બનાવશો. પણ તમારા બેઉના આત્મારૂપી કાંઠાની વચ્ચે ઘૂઘવતા સાગરના જેવો એને રાખજો. તમે એકબીજાની પ્યાલીઓ ભરી દેજો, પણ બેય એક જ પ્યાલી મોઢે માંડશો નહીં.

એકબીજાને પોતાના રોટલામાંથી ભાગ આપજો, પણ એક જ રોટલાને બેઉ કરડશો નહીં.

સાથે ગાજો અને નાચજો તથા હર્ષથી ઊભરાજો, પણ બેઉ એકાકી જ રહેજો - જેમ વીણાના તાર એક જ સંગીતથી કંપતાં છતાં પ્રત્યેક છૂટો જ રહે છે તેમ.

તમારાં હૃદયો એકબીજાને અર્પજો, પણ એકબીજાને તાબામાં સોંપશો નહીં. કારણ તમારા હૃદયોનું આધિપત્ય તો કેવળ જગજજીવનનો જ હાથ લઈ શકે. અને સાથે ઊભા રહેજો, પણ એક બીજાને અડોઅડ નહીં.

જુઓ મંદિરના થાંભલા અલગ-અલગ જ ઊભા રહે છે અને દેવદાર અને સાગ એકબીજાની છાયામાં ઊગતાં નથી.

## બાળકો

અને તે પછી છાતીએ બાળક વળગાડીને ઊભેલી એક યુવતી બોલી, અમને બાળકો વિશે કંઈ કહો.

ત્યારે તે બોલ્યા :

તમારાં બાળકો તે તમારાં બાળકો નથી. પણ, જગજ્જીવનની પોતા માટેની જ કામનાનાં તે સંતાનો છે. તે તમારી દ્વારા આવે છે, પણ તમારામાંથી આવતાં નથી. અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી.

તમે એમને તમારો પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પનાઓ નહીં, કારણ તેમને, એમને પોતાની કલ્પનાઓ છે. તમે ભલે એમના દેહને ઘર આપો, પણ એમના આત્માને નહીં. કારણ તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે, જેની તમે કદી સ્વપ્નમાંય ઝાંખી કરી શકવાના નથી.

તમે તેમના જેવા થવા ભલે પ્રયત્ન કરજો, પણ તેમને તમારા જેવા કરવા ફાંફા મારશો નહીં, કારણ જીવન ગયેલે માર્ગે પાછું જતું નથી અને ભૂતકાળ જોડે રોકાઈ રહેતું નથી.

તમે ભલે એમના દેહને ઘાટ આપજો, પણ એમના આત્માને નહીં.

બાળકોરૂપી સજીવ બાણો છોડવાનાં તમે ધનુષ્યો છો. અનંતના માર્ગ પર રહેલું કોઈ લક્ષ્ય તાકી ધનુર્ધર તમને નમાવે છે - જેથી એનાં બાણો ઝડપથી અને દૂર જાય. એ ધનુર્ધરના હાથમાં તમારું નમવું આનંદમય હો; કારણ, જેમ ઊડીને જનારું બાણ એને પ્રિય છે, તેમ સ્થિર રહેનારું ધનુષ્ય પણ એને વહાલું છે.

(ખલિલ જિબ્રાન;
અનુવાદ - કિશોરલાલ મશરૂવાળા)

* * *

*એ અનામત છે, એ નજરાણું નથી,*
*ટહુકા સાચવવા મને આપ્યા પછી,*
*પંખીઓનું કોઈ ઠેકાણું નથી. – હેમેન શાહ*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ઉદયપુરથી કેસરીયાજી છ'રિ' પાલિત સંઘ

શ્રી શ્રીમાલ સેઠ અચલગચ્છ જૈન સંઘ - ઉદયપુર દ્વારા તા. ૧૫-૧૨-૨૦૧૬ થી તા. ૨૦-૧૨-૨૦૧૬ સુધી ઉદયપુરથી કેશરિયાજી તીર્થ છ'રિ' પાલિત સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે સંપર્ક - હિતેનભાઈ ગાલા, ડોંબિવલી - 99201 53748

### શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુરમાં પર્યુષણ

રાયપુરમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પરમ પૂજ્ય સાધ્વી શ્રી સમયગુણાશ્રીજી મ.સા. અને પરમ પૂજ્ય સાધ્વી શ્રી શ્રુત ગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં મહાપર્વ પર્યુષણની આરાધના ખુબજ ઉલ્લાસપૂર્વક થયેલ. કલ્પસૂત્ર પોથીજીનો ચઢાવો હીરાચંદ કુંવરજી મૈશેરી પરિવારે લીધેલ.

તપસ્યા માં ૩ સોળભત્તા, ૧ નવાઈ, ૧૭ અઠ્ઠાઈ સાથે અઠ્ઠમ, અક્ષય નિધિ, સમવસરણ, વિજય કષાય, ચૌદ પૂર્વ, નવકાર તપ ઇત્યાદિ થયેલ.

છઠ્ઠના દિવસે મૂળનાયક ભગવાનનો દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ માણેકજી મૈશેરી પરિવારે લીધેલ. અચલગચ્છ દાદા ગુરુદેવ દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ યુવા મંડલએ લીધેલ. શાંતિ વિજય ગુરુદેવનો દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ માતુશ્રી જેતબાઈ ગોવિંદજી મોમાયા પરિવારે લીધેલ. રાયપુર ગામના વિવિધ દેરાસરોની ચૈત્ય પરીપાટી યોજાઈ હતી.

### વરાડીયામાં પર્યુષણ આરાધના

વરાડીયામાં પર્યુષણ પર્વ દરમિયાન બેંગ્લોરથી પધારેલા વરાડીયાના જ આરાધક શ્રી કીર્તિકુમાર નેણશી લાલજી મોમાયા સંગાથે આરાધના થઈ. સ્વપનાનું ધૃત ૫૧,૫૯૨ મણ સહિત કુલ ધૃત ૯૦,૨૦૩ મણ થયું. કલ્પસુત્ર ઘેર પધરાવવાનો લાભ મા. કસ્તુરબેન હંસરાજ પરબત લોડાયા પરિવારે તથા પારણું ઘેર પધરાવવાનો લાભ સૌ. હીનાબેન જીતેન્દ્ર હંસરાજ લોડાયા પરિવારે લીધેલ. પર્વ દરમ્યાન સૌ. હીનાબેન જીતેન્દ્ર લોડાયાએ ૯ ઉપવાસ તથા શ્રી પદમ લાલજી લોડાયા તથા કુ. મીનલ વસંત મોમાયાએ ૮ ઉપવાસનું તપ કરેલ.

ભોજનશાળા-અતિથિગૃહ પરિસરમાં શ્રી શાંતીલાલ કુંવરજી મોમાયા પરિવાર દ્વારા સ્વ. ખર્ચે નવ નિર્મિત ચબુતરાનું જૈન-જૈનેતર ગામવાસીઓની હાજરીમાં ઉદ્‌ઘાટન કરી શ્રી વરાડીયા જૈન સંઘને અર્પણ કરેલ.

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટની મુંબઈ કાર્યાલયનું નવું સરનામું આ મુજબ છે : C/o. શ્રીમતિ આશા દીપક ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ (૫), મુંબઈ-૮૦. ફોન : ૦૨૨ ૨૧૬૪૩૦૮૨ / ૯૫૯૪૮૦૭૧૮૯૮ / ૮૭૬૭૭ ૫૩૦૮૨

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ-શેગાંવ

ખામગામમાં પુરા ચાતુર્માસ દરમ્યાન પ.પૂ. કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં રવિવારની ધાર્મિક શીબીરમાં પ.પૂ. અક્ષયપૂર્ણાશ્રીજી મ.સા. એ મંચની દરેક બહેનોને મુહપત્તી કેમ પકડવી, એનું પડીલેહણ કે કરવું, વંદના કેમ દેવા અને સૌથી સરસ કાઉસગ્ગ એકાગ્ર ધ્યાનથી કેમ કરવું વગેરે નાની નાની બાબતો ખુબ જ સરળ શૈલીમાં શીખવાડ્યું.

પ.પૂ. કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. એ ધર્મની ગાથા બધાને લેવા માટે પ્રેરણા આપેલ અને સૂત્ર શુદ્ધીકરણની પરીક્ષા પણ લેવામાં આવી જેમાં મંચની ૧૨ સભ્યોએ ભાગ લીધેલ અને હવી બીજા પણ સભ્યો ગાથા દેવા જોડાઈ રહ્યા છે. આ પરીક્ષામાં પહેલો નંબર સૌ. હેતલ રજનીશ નાગડા, બીજો સંબર સાહ. રશ્મીબેન પ્રફુલ્લ દંડ અને ત્રીજો નંબર સૌ. લીનાલી જતીન લોડાયા ને મળેલ છે. સ્નાત્રપૂજા વિધિવત કેમ ભણાવવી તે પણ સમજાવેલ.

સપ્ટેમ્બર મહિનામાં મહારાષ્ટ્ર એકમની મિટીંગમાં ૭ સભ્યો પારોલ ગયેલ હતા. ઉપરોક્ત મંચના દરેક ધર્મના

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

પ્રોજેક્ટ અધ્યક્ષ સાહ કુંજનબેન લોડાયા, પુષ્પાબેન મોમાયા, હેતલબેન નાગડા, તેજલબેન મોતા અને મંચના દરેક સભ્યાના સહકારથી થયેલ છે.

### નૂતન વર્ષના પ્રારંભે પુનામાં વડીલવંદના



શ્રી. ક.દ.ઓ. જૈન સંઘ પુનાના આગેવાનોએ તા.૩૧/૧૦/૧૬ ના સુપ્રભાતે પુનાના ૭૫ વરસની ઉપરના વડીલવર્ગને નુતન વર્ષાભિનંદન કર્યા તથા તેમના આશિષ લીધા. ખુશાલભાઈ મહેશ્વરીની સંકલ્પનાનો સાકાર કરવા પ્રમુખ હિનાબેન રતાણીના માર્ગદર્શનમાં કમિટીના સભ્યોએ પાસ જહેમત લીધી હતી.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુનાના કાર્યક્રમો

શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના દ્વારા તા. ૧૬-૧૦-૨૦૧૬ના રવિવારે શરદ પુનમની ઉજવણી લેખા ફાર્મ રિસોર્ટમાં થઈ હતી. વિશેષ સાધારણ સભા લેવાયેલ. ત્યારબાદ ઢોલ અને સુરીલા વાદ્યના મટુકડી, બાર દાંડિયા, હિંચ ધમાલ તથા રાસ ગરબાની રમઝટ જામેલ. કાર્યક્રમને સફળ બનાવવા સંઘપ્રમુખ હિનાબેન રતાણી, સલાહકાર ખુશાલભાઈ મૈશેરી, મંત્રી દુષ્યંત લાપસીયા તથા કમિટિના સભ્યોએ જહેમત લીધી હતી.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ

શ્રી વરાડીયા જૈન મહિલા મંચનો એક કાર્યક્રમ રવિવાર, તા. ૨૩.૧૦.૨૦૧૬ ના કમીટી મેમ્બર લીના મધુકાંત મોમાયાના ટેરેસ ફ્લેટ મધે યોજાયેલ. બાંધણી ડ્રેસ હરીફાઈમાં પ્રથમ ઈનામ સૌ. દીપાલી નિતીન નાગડા, બીજું ઈનામ સૌ. લીના વિજય મોમાયા તથા ત્રીજું ઈનામ સૌ. ભારતી ગૌતમ દંડને મળેલ. કુંજલ કીરીટ મોમાયાએ ગરબા-હાઉઝી રમાડી હતી. ઈનામો તથા નાસ્તાના સૌજન્ય દાતા કમીટી મેમ્બર સૌ. પ્રીયાબેન વિનોદ મોમાયા હતા.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડી



શ્રી પ્રગતિ મહિલા મંડળ મોટી સિંધોડીને ૧૦ વરસ પુરા થતા રંગીલા રાસ ગરબા, ગેમ્સ શો તથા રંગોળીનો કાર્યક્રમ ચેતના હરીયાના સંગાથે ભાંડુપ ખાતે કુકરેજા હૉલમાં તા. ૨૩/૧૦/૨૦૧૬ના શ્રીમતી કલ્પનાબેન શૈલેશ શાહ (લોડાયા)ના સમારંભપ્રમુખ પદે યોજાયો હતો.

શ્રી શૈલેશભાઈ, શ્રી રાજેશભાઈ, શ્રીમતી તેજલબેન અને મહાજન તથા ટ્રસ્ટના પદાધિકારીઓ તેમજ શ્રી પ્રગતિ મહિલા મંડળના સભ્યો મળી કુળ ૧૨૦ હાજરી રહેલ. દસમાં વરસના પૂર્ણાહૂતી કાર્યક્રમને યાદગાર બનાવવા મંડળના પદાધિકારીઓ તથા સભ્યોએ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમ બાદ ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.



### કચ્છ વિશેની માહિતી અંગે ઋણ સ્વીકાર

પ્રકાશ સમીક્ષાના ગત અંકોમાં સંકલિત કરીને પ્રગટ કરાયેલી કચ્છ વિશેની કચ્છ રચનામાંની માહિતી જાણીતા કચ્છી લાયબ્રેરીયન ડૉ. વર્ષા મહેતાએ પ્રસ્તુત કરી હતી. તેમનો વિશેષ આભાર.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મહેન્દ્ર ચત્રભુજ નાગડા** (PS 4501) | કેવલ લૉજ, રાજગોર સ્ટ્રીટ, કોઠારા - ૩૭૦ ૬૪૫, કચ્છ. મો.: 814063 0003 / 97228 71768 |
| **શ્રીમતી ગીતા નવીનચંદ્ર લોડાયા** (PS 455) | ૬, શંકર કૃપા બિલ્ડીંગ, પ્લોટ નં. ૨૦૧, સીતારામ સ્કુલની સામે, વડાલા, મુંબઈ-૪૦૦ ૦૩૧. મો.: Gita 9969319227, Manish 9969316226 |
| **નિતીન રૂપસી ખોના** (PS 2133) | ૧૦૨, આકાશદીપ, મ્હાડા, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. |
| **સુનીલ હીરજી લોડાયા** (PS 3264) | નવનીત એજ્યુકેશન લી., સર્વે નં. ૬૨/૧, ૬૨/૨, ૬૮/૨, રૉયલ્ટી નાકા પાસે, ખાનિવાડે ગાવ, પાલઘર-૪૦૧ ૩૦૩. મો.: Sunil 9892394163, Dipti 9004787407 |
| **શ્રીમતી ઉર્મિલા વિરચંદ ધરમશી** (PS 6391) | ૧, માનશ્રી એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં. ૨૧, ફાતિમા નગર, જૈન મંદિરની સામે, પુણે - ૪૧૧ ૦૧૩. |
| **અજય કાંતિલાલ લોડાયા** (PS 6400) | જી/૨-૨૧૧૪, શોભા આઈવરી, સર્વે નં. ૧૯/૧એ, ૧૯/૧૬, કોંઢવા બુદ્રુક, પુણે - ૪૧૧ ૦૪૮. |
| **જિગ્નેશ કુસુમકાન્ત શાહ (નાગડા)** (PS 7290) | ફ્લેટ નં. ૯, ૩જે માળે, આદિત્ય એપાર્ટમેન્ટ, આગરકર રોડ, તિલક વાડી, બેલગામ - ૫૯૦ ૦૦૬. કર્ણાટક |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૯-૧૬ | મુલુંડ | આરોહી, ડિમ્પલ જતીન ભરત મોતા | | પુત્રી |
| ૨૬-૧૦-૧૬ | ઘાટકોપર | માનવ, હિરલ મિતલ નવિનચંદ્ર ખોના | નલીયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૦-૧૬ | ડોમ્બીવલી | મૌલીક નવીનચંદ્ર લક્ષ્મીચંદ લોડાયા | આરીખાણા | ૨૭ |
| | અમદાવાદ | કૃતિકા મણીકાંત ભાણજી મૈશેરી | બાંઢિયા | ૨૬ |
| ૦૪-૧૧-૧૬ | માટુંગા | નિર્મલ ચેતન દામજી મોમાયા | વરાડીયા | ૨૯ |
| | મસુર | ભક્તિ મહેન્દ્ર ગોવિંદજી ધરમશી | છાદુરા | ૨૬ |
| ૦૪-૧૧-૧૬ | મુંબઈ | સ્મિત જયચંદ લોડાયા | કોઠારા | ૨૬ |
| | ઘાટકોપર | જિનલ જયચંદ લાલકા | વારાપધર | ૨૩ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧૦-૧૬ | સેન્ડહર્સ્ટ રોડ | રાજીવ લલિતકુમાર કાંતિલાલ લોડાયા | વરાડીયા | ૩૬ |
| | ઘાટકોપર | હેતલ અશ્વીન ખીમજી ગડા | લાયજા | ૩૪ |
| ૦૧-૧૧-૧૬ | ડોમ્બીવલી | યશરાજ તુષાર બિપીન નાગડા | નલીયા | ૨૮ |
| | તલેગાંવ | તૃપ્તિ વિજય પાટીલ | જલગામ | ૨૫ |
| ૦૧-૧૧-૧૬ | વાશી | ધરમ હરીશ જયંતીલાલ મોમાયા | વરાડીયા | ૨૪ |
| | રાજસ્થાન | ખુશ્બૂ મહેન્દ્રભાઈ સોહનલાલ મોદી | બીયાવર | ૨૪ |
| ૦૪-૧૧-૧૬ | ઘાટકોપર | ભાવિક બિપીન ધીરજલાલ ઉદાની | ગોંડલ | ૨૯ |
| | ઘાટકોપર | દિવ્યા નરેન્દ્ર કુંવરજી ધરમશી | રંગપુર | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૦-૧૬ | પુના | પૂજા સુનીલ પદમશી લોડાયા | દલતુંગી | ૫૬ |
| ૨૮-૧૦-૧૬ | આકોલા | અમિત પ્રફુલ લધુભાઈ લોડાયા | વારાપધર | ૩૪ |
| ૦૧-૧૧-૧૬ | મુલુંડ | દમયંતીબેન વાલજી છેડા | સુથરી | ૯૦ |

# કાવ્ય સર્જનની સુવર્ણ જયંતિએ અભિનંદન - ધન્યવાદ ને વધાઈ...





**રશ્મિન ખોના (રતિલાલ શિવજી ખોના)**એ પદમાવતી માતાની અસીમ કૃપાથી લખેલી કવિતાઓ જે પ્રકાશ સમીક્ષામાં સપ્ટેમ્બર ૧૯૬૬ થી ઓગસ્ટ ૨૦૧૬ સુધી છપાઈ ને એમણે સુવર્ણ જયંતિની મંઝીલ પાર કરી એ જાણી ખૂબજ આનંદ થયો. ને એમની આ સુદીર્ઘ સર્જન યાત્રા બદલ

**એમને અમારા સૌના અંતઃકરણ પૂર્વક ખોબલે ખોબલે અભિનંદન....**
**ઈશ્વર એમને દીર્ઘાયુને તંદુરસ્તી બક્ષે જેથી તેઓ સાહિત્ય સર્જન કરતા રહે. એજ અમારી અંતરભીની શુભેચ્છાઓ...**



દાદી-દાદા : **કમલબાઈ નાંગશી ખોના** (તેરા)
નાની-નાના : **દેવલીબાઈ કેશવજી સાયલા** (તેરા)
નાની-નાના : **પુરબાઈ હીરજી ધરમશી** (જખૌ)
માતા-પિતા : **રતનબાઈને પ્રેમીલાબાઈ શિવજી ખોના** (તેરા)
જીવનસાથી : **સૌ. ભારતી રતિલાલ ખોના** (તેરા)
ભાઈની પત્નીને ભાઈ : **સૌ. પુષ્પા જયંત ખોના** (તેરા)
બહેન-બનેવી : **ગુણવંતી કલ્યાણજી લોડાયા** (બાયઠ)



બહેન-બનેવી : **ગીતાબાઈ નવિનચંદ્ર લોડાયા** (વારાપધર)
બહેન-બનેવી : **નલિની ચંદ્રકાંત મોતા** (વાંકુ)
સાસુ-સસરા : **દેકાંબાઈ શામજી માડણ મોતા** (લાખણીયા - સુથરી)
સાળાના પત્નીને સાળા : **પ્રભાબાઈ શાંતિલાલ શામજી મોતા** (લાખણીયા - સુથરી)
સાળાના પત્નીને સાળા : **નિલમ ખુશાલ શામજી મોતા** (લાખણીયા - સુથરી)
દીકરો : **સ્વ. યોગેશ રતિલાલ ખોના** (તેરા)



દીકરી-જમાઈ : **સૌ. રાજેશ્રી પરેશ કુંવરજી દંડ** (સુથરી)
દીકરી-જમાઈ : **સૌ. લીમ્પલ ગુલાબ હીરાચંદ પટેલ** (મોતા) તેરા
વેવાણ-વેવાઈ : **મમ્મીબાઈ કુંવરજી નરશી દંડ** (સુથરી)
વેવાણ-વેવાઈ : **જયાબાઈ પદમશી કાનજી મૈશેરી** (રાપરગઢ)
વેવાણ-વેવાઈ : **સૌ. શશીકલાબાઈ હીરાચંદ વેલજી મોતા (**પટેલ) તેરા
દોહિત્રવધૂ-દોહિત્ર : **સૌ. મયુરી જીમિત પરેશ દંડ** (સુથરી)
દોહિત્રી-જમાઈ : **સૌ. સોનમ અંકિત પ્રફુલ મોતા** (તેરા)



દોહિત્ર-દોહિત્રી : **પ્રિયાંશ તથા વિધિ ગુલાબ હીરાચંદ મોતા** (તેરા)
પડ-દોહિત્ર : **મનન અંકિત પ્રફુલ મોતા** (તેરા)
વેવાણ-વેવાઈ : **પ્રેમીલાબેન મેઘજી પદમશી મોતા** (વારાપધર)
વેવાણ-વેવાઈ : **સૌ. મીનાબેન ચેતન મેઘજી મોતા** (વારાપધર)
વેવાણ-વેવાઈ : **સૌ. રમીલાબેન ચીમનલાલ ડી. મોતા** (તેરા)
વેવાણ-વેવાઈ : **સૌ. પ્રિયાબેન પ્રફુલ ચીમનલાલ મોતા** (તેરા)

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (07-11-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાને સેવાગૌરવ પુરસ્કાર



શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયાને મહિલા એવં બાલકલ્યાણ વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રીમતી મેનકા ગાંધીનાં હસ્તે 'સેવા ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યાં. મેનકાજીએ માનવજ્યોતની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

## શ્રી પ્રબોધ મુનવરને ડૉ. અબ્દુલ કલામ રાષ્ટ્ર રત્ન એવૉર્ડ



નેહરૂ યુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય સંગ્લનીત પદમશ્રી ડૉ. મણિભાઈ દેસાઈ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિ આગેવાન શ્રી પ્રબોધ મુનવર સહિત દેશનાં ટોચના ૩૨ સેવાભાવીઓને ભારત રત્ન ડૉ. અબ્દુલ કલામ રાષ્ટ્ર રત્ન એવૉર્ડ ૨૦૧૬ અર્પણ કરવામાં આવ્યા હતા.


*Congratulations,* **અભિનંદન.....**



Date of Birth : 18/09/1994



### ચિ. ડૉ. રવિના મનોજ ધરમસી

**Dr. Ravina,** you have laid sound foundation of bright carrer by completing Bachelar of **Dental Surgery** (BDS) with First Class Result.

**Let your ambitions and success touch the sky.**

| | | |
|---|---|---|
| Mother - Father | : | **Deepa Manoj Dharamsi** |
| Dadi - Dada | : | **Laxmi Premchand Dharamsi** |
| Aunty - Uncle | : | **Rajshree Anil Dharamsi** |
| Nani - Nana | : | **Damyanti Laxmichand Lodaya** |
| Mami - Mama | : | **Rani Latesh Lodaya** |
| Sister | : | **Karina Dharamsi** |
| Cousins | : | **Dimple, Heena and Parshva** |
| પૌત્રી | : | **શ્રીમતી લક્ષ્મી પ્રેમચંદ ધરમસી** (સાંધાણ - પુણે) |
| દોહિત્રી | : | **દમયંતી લક્ષ્મીચંદ લોડાયા** (સાંયરા - જાલના) |


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,